૪૬૨૭
ગુજરાત વિદ્યાપીઠ
અમદાવાદ
શ્રી સહજાનંદ સ્વામી સંગ્રહ

શ્રીજી પ્રતાપ.

નમામી નારાયણં પાદ પંકજં કરોમી નારાયણ । પૂજનં દા વદામી નારાયણં નામ નિર્મલં ॥ સ્મરામી નારાયણ ત્વમ વ્યયમ । શ્રી મદ્ધર્મ ધુરંધરં સુખકરં કારૂણ્ય પાથો નીધિ ॥ ૧ ॥ સન્નાથં નિગતાંત ગીતયશ સંપાથોદ નીલ પ્રમમ । ધર્મસ્વી કૃતં ભુતલં સ્વમહ સાધર્માત્મજં ॥ સ્વામીનં સદા મૃતીમ ક્ષર સ્વ સહજાનંદં હરીતં ભજે। શ્રી જુષ્ટોક્ષરધામ્નિ સર્ગ નિચયે માયા પરેરાજતે ॥ ૨ ॥ યો દિવ્યા વયવોઙ્ક્ષરાત્પરતરઃ સર્વા તિરિકતી કૃતિ । સર્વે શોઙ્ક્ષર મુક્ત જુષ્ટ ચરણ સૌંદર્ય પાથો નિધિં ॥ વંદે મત્પિરં સદૈવ સહજાનંદં હરીતં મુદા ॥ ૩ ॥ સ્વીયે ધામ્નિ સદાક્ષરે પર તરે સંસે વિતાઙ્ઘ્રિ દયો । જુકતે બ્રહ્મ શરીરિ ભિર્હી ઉરૂધા વેદાંત વેદ્ય પ્રભુ ॥ નૈ કાંડોદ્ભવ પાલનાદી કરપું માયા નિયંતા સ્વરાટ્ । કારૂણ્યાંબુ નિધીર્નમાંમી તંમહં શ્રી સ્વામીનારાયણં ॥ ૪ ॥

આરતી.

જય સદ્ગુરૂસ્વામિ જય સદ્ગુરૂસ્વામિ સહજાનંદ દયાળુ બળવંત બહુનામી. જયદેવ । જયદેવ । ટેક ॥ ૧ ॥ ચરણ

સરોજ તમારાં, વંદુ કર જોડિ; ચરણે ચિત ધર્યાથિ, દુખ નાખ્યાં તોડિ ॥ જય ॥ ૨ ॥ નારાયણ નર ભ્રાતા, દ્વિજકુલ તનુધારી; પામર પતિત ઓધાર્યા, અગણિત નરનારી ॥જય ॥ ૩ ॥ નિત નિત નૌતમ લિલા, કરતા અવિનાશિ; અડસટ તિરથ ચરણે કોટિ ગયા કાશિ । જય ।૪। પુરૂષોતમ પરગટનું જે દરસન કરશે; કાળ કરમથિ છુટી કુટુંબ સહીત તરશે ॥ જય ॥ ૫ ॥ આ અવસર કરૂણાનીધી, કરૂણા બહુ કીધી મુક્તાનંદ કહે મુક્તી, સુગમ કરી સીધી ॥ જય ॥૬॥ પદ ૧ ।

॥ સંધ્યા આરતિ ॥

આરતી પ્રગટ પ્રભુજીકી કીજે ॥ ચરણકમળ લખી અંતરલીજે ॥ સનકાદીક નારદ ત્રીપુરારી ॥ વીમળનામ રટે વારંવારી ॥ આ. ૧ ॥ અનંતકોટી ભુવનેશ ભવાની ॥ સબ વીધી મહીમા શકત નહી જાની ॥ આ. ॥૨॥ ધરત ધ્યાનદૃઢ યોગ મુનેશ્વર ॥ સેસ સહસ્ત્ર મુખરટત નીરંતર ॥આ. ॥ ૩ ॥ નરનાટક ક્ષર અક્ષર ન્યારા ॥ પુરૂષોતમ પુરણ જન પ્યારા ॥ આ. ॥ ૪ ॥ નૌતમ રૂપ અકળ છબી ન્યારી બ્રહ્માનંદ જાવત બલીહારી ॥ આ. ૫ ॥

॥ સંધ્યા આરતી સમયની ધૂન્ય. ॥

રામકૃષ્ણ ગોવિંદ જય જય ગોવિંદ ॥ હરે રામ ગોવિંદ, જય જય ગોવિંદ હરે, શ્રીમન્નારાયણ હરે ॥ શ્રીમન્નારાયણ હરે કૃષ્ણદેવ હરે જય જય કૃષ્ણદેવ હરે ॥ વાસુદેવ હરે, જય જય વાસુદેવ હરે જય જય વાસુદેવ હરે, વાસુદેવ ગોવિંદ ॥ જય જય વાસુદેવ ગોવિંદ । રાધે ગોવિંદ,

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ૬૬૧૮- वर्गांक

पुस्तकनुं नाम [illegible]

विषय

જય રાધે ગોવિંદ । વૃંદાવન ચંદ્, જય રાધે ગોવિંદ । માધવ મુકુંદ જય મા. । આનંદ કંદ્, જય માધવ મુકુંદ ॥ સ્વામિનારાયણ । સ્વામિનારાયણ ॥ સ્વામિનારાયણ ॥

અથ રાધિકા કૃષ્ણાષ્ટક.

નવિન જિમુત સમાન વર્ણમ્ ॥ રત્નોલ્લસત્કુંડલ શોભિ કર્ણમ્ ॥ મહા કિરિટાગ્રમયુર પર્ણમ્ શ્રિરાધિકા કૃષ્ણમહં નમામિ ॥ ૧ ॥ નિધાન પાણિ દ્વિતયેન વેણું ॥ નિજાધરે શેખરયાતરેણું । નિનાદયં તંચગતો કરેણું ॥ શ્રિ ॥ ૨ ॥ વિશુદ્ધ હેમોજ્વલ પિત વસ્ત્રં ॥ હતારિયુથંચ વિનાપિ શસ્ત્રં વ્યર્થીકૃતાનેક સુર દ્વિડસ્ત્રં ॥ શ્રિ ॥ ૩ ॥ અધર્મ તિર્ષ્યાર્દિત સાધુપાલમ્ ॥ સધર્મ વૈરાસુર સંઘ કાલમ્ ॥ પુષ્પાદિ માલં વ્રજરાજ બાલમ્ ॥ શ્રિ ॥ ૪ ॥ ગોપિ પ્રિયારંભિત રાસ ખેલં ॥ રસેશ્વરિ રંજન કૃત્પ્રહેલં ॥ સ્કંધોલ્લસ ત્કુંકુમચિન્હચેલં ॥ શ્રિ ॥ ૫ ॥ વૃંન્દાવને પ્રિતતયાવસંતં ॥ નિજાશ્રિતાના પદ મુદ્ધરંતં ॥ ગોગોપગોપિરભિનંદયંતં ॥ શ્રિ ॥ ૬ ॥ વિધિ દ્વિષન્મનમથદર્પહારં ॥ સંસારિ જિવાશ્રયણીય સારં ॥ સદૈવસત્પુરૂષ સૌખ્યકારં ॥ શ્રી ॥ ૭ ॥ આનંદિતાત્મા વ્રજવાસિ તોકં ॥ નંદાદિસંદર્શિત દિવ્યલોકં ॥ વિનાશિતસ્વાશ્રિત જિવશોકં ॥ શ્રિ ॥ ૮ ॥

શ્રીજીની આરતિ.

(રાગ. જેદેવજે.)

જે જે શ્રીજી પ્રભુ અક્ષર અંતરજામી અંતરના જામી પુરષ [illegible] [illegible] જે સહજાનંદ સ્વામી

॥ જેદેવ ॥ જેદેવ જે ઇચ્છાએ નાથ દયાળુ અત્રની પર આવ્યા અવનીપર આવ્યા માનુષલીલા મહદ રચાવી ભગતોમન ભાવ્યા ॥ જે જે ॥ ૧ ॥ ધામ રચ્યુ ધરણીની ઉપર વીસકરમા આવ્યા ॥બેવારા॥ પ્રેમ ઉચ્છાહ પ્રગટ થઇ પોતે મુરતી પધરાવી ॥ જે જે ॥૨॥ દાદા ઉપર દયા કરીને દરસનતો દીધા ॥ દરસન ॥ ઘેલામાં વેલા જનાતા પાણીતો પીધાં ॥ જે જે॥૩॥ ભક્ષ અભક્ષા જે કરનારા નીસી ચરના જેવા ॥ નીસીસર ॥ જ્ઞાંન દાંન દઇવસકરી લીધા સરણુમાં લેવા. જે જે ॥૪॥ ચાર બજે ચોઘડીયાં સ્વામી દરવાજેવાગે ॥ દરવાજે ॥ કહે રવજી તે સોર સુણીને ભુતાવળ ભાગે જેજે. ॥ ૫ ॥

રાગ. આવુ ઓધા નોતુ જાણ્યુ.

ગઢડાને તમે કીધુ સ્વામી ગોકુળ ગઢડાને તમે કીધુ સ્વામી ટેક. મુકતી મનોહર મંડપ રચીયો ધણીરે વસાવ્યુ તમે ધામ ગઢડા. ॥ ૧ ॥ કનક કળસ મંદીરપર સોહે ધ્વજા ફરૂકે સુખ ધાંમ ॥ ગઢડા. ॥૨॥ કથા કીરતન ચોઘડીયાં વાગે ઢોલ વાગે છે ઠાંમો ઠાંમ ગઢડા.॥ ૩ ॥ બાગ બગીચા મેડી ઓલા રચુ કીધા ભગ્તો તણે કાંમ ગઢડા. ॥ ૪ ॥ રવજી કહે શ્રીજી રાખો ચરણમાં હઇડે ભજનતણી હામ ॥ ગઢડા. ॥૫॥

દોહા.

મુકયો સ્વામી હુ ઘણુ, સો કરવો વીસતાર;
મુકાવો માયા થકી, ધોડી ધર્મ કુમાર. ૧
કામ ક્રોધ મદ મોહતે, મારે મુજને માર;
છોડાવો સ્વામી તમે, ધોડી ધર્મ કુમાર. ૨

અસ્ના આશા દુખદે, લાખો બીજા લાર;
તેહ થકી મુકાવવા, ધોડો ધર્મ કુમાર. ૩
વીસ્યાદી વેરી થકી, સ્વામી કરજો સાર,
મુજ ગરીબને તારવા, ધાજો ધર્મ કુમાર. ૪
ઉરમાહે હું ઉજળો, ઉપર મેલ અપાર;
જાણોછો જીવન તમે, ભકતી ધર્મ કુમાર, ૫
માત તાત બાંધવ સુતા, સુતનારી પરીવાર;
તેહ તણો પ્રતીબંધ છે, ધાજો ધર્મ કુમાર. ૬
વેદયાધન કીધુ નથી, સમજયો નહી હું સાર;
હેયું ઘાલી હુ નમુ, નાથ કરો નીસતાર. ૭
સતસંગથી છેટા રહ્યા, વૃથા વલોવ્યુ વાર;
આળસમાં ઉંઘી રહ્યા, નાથ કરો નીસતાર. ૮
ધર્મ નીમ ધારયાં નથી, ખેતર વાવ્યુ ખાર.
ઉગરવા આશા નથી, નાથ કરો નીસતાર. ૯
બાળપણુ અણસમજમાં, ખેલ્યો થઇને ખવાર;
યોવન ગાળ્યુ યુવતી, વૃદ્ધ પણે ધીક્કાર. ૧૦
સ્વામીજી હું શું કરૂં, ભુલ્યો ભુલ અપાર;
શ્યામ વદન લઇ શું વદુ, ફટ મને ફટકાર. ૧૧
ગઢપુર ગોકુળ ગામને, ધણી કરયુ તે ધામ;
પુરૂસોતમ ત્યાં પ્રગટીયા, જનના પુરણ કાંમ. ૧૨
દાદાના દરબારમાં, વાલા કીધો વાસ;
પરચા પુરયા પ્રગટ થઇ, અવસર પુરી આસ. ૧૩
દેસ દેસના હરીજનો, આવે દરસન કાજ;
સૌને સુખડાં આપતા, એવા ગરીબનવાજ. ૧૪

અસુર બધા ઓધારીયા, રાખી દ્રસ્ટી હેઠ;
એવી કરણી એહુની, ગયા અક્ષરા ઠેઠ. ૧૫
લાખો લીલા તેં કરી, દઇને દરસન દાંન;
મુકતી આપી મનુષને, છે કહે વેમાંન. ૧૬
ઉાસા ભગતના દીકરા, હુરી ભગ્ત છે નાંમ,
દરસન આપ્યાં તેહુને, પોહોચાડયા નીજધામ. ૧૭
ચાર પુત્ર સતસંગમાં, આગળવા અભરાજ;
સેવક થઇ તુજ ચરણનો, ઓળખી લીધા આજ. ૧૮
વીસ્તી થઇ તેની વૃતી, સ્વામી ચરણે શીશ:
તન મન ધન અરપણ કરૂ, જાણીમ જાુગદીસ. ૧૯
ધરમાદો ધીંગો રચ્યો, રળી કમાણી રોજ;
એક દીવસ ગઢડે ગયા, મનમાં આણી મોજ. ૨૦
ચારસેહુની ચોરથી, દઇ પરસાદી કાજ;
સોભા બહુ સ્વામી હુવે, નહી પેહેરૂ મહારાજ. ૨૧
અરપણ કીધી એ સમે આનંદ બહુ અભરાજ;
નાંમ રહ્યું નવ ખંડમાં, લાખુની થઇ લાજ. ૨૨
અવસર રૂડો આજનો, સમરો સેહેજાનંદ;
રવજી મન રાજી થયું, ઉરમાં બહુ આનંદ. ૨૩
સતસંગી સમજો બધા, અવસર આવો જાય;
સેહેજાનંદ સ્વામી ભજે, કો કમાણી થાય. ૨૪
અવસર આવો નહી મળે, નીત ભજોને નાથ;
રવજી કહે વણ મુલથી, હીરો આવ્યો હાથ. ૨૫

॥ સ્તુતિ દોહા. ॥

નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચેતવ ઘનશ્યામ મહાત્મ જ્ઞાન જુત ભક્તિ તવ એકાંતિક સુખધામ ॥ ૧ ॥ મોહિમે તવ ભક્તપનો. તામે કોઇ પ્રકાર; હોય ન રહે કોઇ જાનકો, સુનિયો ધર્મ કુમાર ॥ ૨ ॥ તુમારો તવ હરિભક્તકો, દ્રોહ કબુ નહી હોય, એકાંતિક તવ દાસકો, કિજે સમાગમ મોય ॥ ૩ ॥ નાથ નિરંતર દર્શ તવ, તવ દાસનકો દાસ, એહિ-માગું કરી વિનયહરિ, સદા રાખીયો પાસ ॥૪॥ હે કૃપાળુ હે ભક્તપતી, ભકતવછળ સુનો બાત; દયાસિંધુ સ્તવન કરિ; માગુ વસ્તુ સાત ॥ ૫ ॥ સહજાનંદ મહારાજકે, સબ સત-સંગી સુજાણ તાકું દ્રઢ હોય વર્તનો શિક્ષાપતિ પ્રમાણ ॥૬॥ સોપત્રિમેં અતી બડે, નિયમ એકાદશ જોય; તાકિ વિધિ કહુતહુ, સુનિયો સબચિત્ત પ્રોય ॥ ૭ ॥ હિંસા ન કરનિ જંતકી, પરસ્ત્રી સંગકો ત્યાગ; માંસ નખાવત મદ્યકુ, પીવત નહિ વડભાગ॥૮॥વિધવાકું પરસત નહિ કરત નહિ આત્મઘાત, ચોરી ન કરનિ કાહુકી, કલંક ન કોઉકું લગાત ॥ ૯ ॥ નિંદત નહિ કોય દેવકું, બિન ખપતો નહિ ખાત; વિમુખ જિનકે વદનસે, કથા સુનિ નહિ જાત ॥ ૧૦ ॥ એહિ વિ-ધિ ધર્મ સમીપમે વરતો સબ હરિદાસ; ભજોશ્રી સ-હજાનંદ પદ છાંડી ઓર સબ આસ ॥ ૧૧ ॥ રહિ એકાદશ નીમમે, કરો શ્રીહરિ પદ પ્રીત; પ્રેમાનંદ કહે ધામમે, જાઓ નિશંક જગજિત ॥ ૧૨ ॥

પદ ૧ લું.

(ગોરસ લઇને ગોપીકા એ રાગ.)

ગાંમ ગઢડાથી દેખીયે, દેવ દેવળ તમારૂં;
દુરલભ દરસન કારણે મન ઇચ્છે છે મારૂં;
ધ્વજા ફરૂકે ધામની, કળસો કંચન જડીયાં,
નીત નીત મારા નાથજી ચારે વાગે ચોઘડીયાં.
સભા ભરાય નીત સાંમટી આવે જાત્રાળુ જાજાં,
આરતીયો ઉતરાય છે વળી વાગતાં વાજાં;
સંત સાધુ બ્રહ્મચારીમાં વાલો વચમારે ફરતા,
રવજી સરીખા રંકના આવી સંકટ હરતા. ૧

પદ ૨ જું.

(રાગ સદર.)

પટભુષણ ઘણા પ્રેમથી વાલે અંગ ધરયા છે;
ડાલર ગુલાબી પુષ્પના કંઠહાર ભરયા છે;
સંત મુનીના સમાજમાં વાલો વેગેથી આવે,
હર્ષ ધરી નીજ હૃદયમાં વાલો સૌને બોલાવે.
સરલ રીતે સમજાવતા, ભાયો ધર્મને ધારો,
ભગ્તી કરો મન ભાવથી છે આ તરવાનો આરો;
આરે દેહે કરી જાણજો કાંમ સઘળાંરે થાસે,
રવજીનો નાથ નીહાળતા, ઘડી ઉભારે પાસે.

પદ ૩ જું.

(રાગ સદર.)

આઠ ઘડી વાલો ઉંઘતા, પછી જબકીને જાગે,

દસા સંભાળી દેહની મળ મુત્રને ત્યાગે;
મુખ મંજન કરી મહાપ્રભુ પછી સ્નાન કરે છે,
સેવા સામગરી હાથમાં, પછી ધ્યાન ધરે છે.
સાધી સમાધી તે સમે, વાલો વાત વીચારે,
અદભુત લીલા એહની તરે સંતને તારે;
દેસ વીદસી માનવી, તેને દરસન દેસે,
રવજી દરસન કારણે બહુ આતુર રહેછે. ૩

પદ ૪ થું.

(રાગ સદર.)

દુનીયાં આવે બધી દોડતી, સેવા સામગ્રી કરવા,
ભેટયો લાવે મનભાવતી, શ્રીજી આગળ ધરવા;
હરીહસીને બોલાવતા, કહો કયાં થકી આવ્યા,
મુજરે માટે તમે મહેનતે ભારે ભેટયોરે લાવ્યા.
પુરો તમારો પ્રેમછે વળી વધારે કરજો,
અવસર રૂડો આજનો ડગ આધુ ન ભરજો;
આશા હશે ન મુકીશ હું, સઉના કારજ સરસે,
રવજી કહે નભ પંથથી કુસે વરસાદ વરસે. ૪

પદ ૫ મું.

(રાગ. બીગડી કોન સુધારે.)

આજ આનંદ ઘન છાયો શ્રીજીકો દરસન દુરલભ પાયો રે. ટેક.
કનક સીહાસન શ્રીજીબાજે ગાદી નેક બીછાયાં રે;
શ્વેત વસ્ત્ર તંનપર કરી ધારણ રૂપ અજબ લેયાયોરે. આજ. ૧
કનક કુન્ડલ મણીગણ મકરાકૃત મુક્તા મુગટ જડાયોરે;

કંઠહાર કૌસ્તભનો શોભે ઈંદ્રકો લજવાયોરે. આજ. ૨
ગાંન તાંન સંગીત સોર સાથે પ્રેણુ સકલ રસ પાયોરે;
ધન ધન ધન અવસર આ વખતે રવજીનાથ રીઝાયોરે આજ. ૩

મહારાજના લાવણીમાં વચનામૃત.

અરે સતસંગી વચન વીજય આ પંચ ઇંદ્રીવસ કરજોજી;
નેક ટેકને ધર્મ ગ્રહીને પરપંચને પરહરજોજી;
જારી ચોરી પરની નીંદા સ્વપના સર નહી લાવોજી,
દેહ મળ્યો છે દુરલભ આજે અવસર જાસે આવોજી.
સાધુ મારા દે શીખામણ, તે માંનીને લેજોજી,
દુખ પડે નહી ડરશો ભાયો સાચા દીલથી સેહેજોજી;
હીત વચન છે હરદમ મારા સત સંગીને કાજેજી;
ધન ધન સ્વામી દીનદયાળુ, રવજી બોલે આજેજી. ૧

રેખતો ૧ લો.

ગઢડા ગોકુલહે ગામ શ્રીજી વામે મુકાંમ,
કીજે અક્ષરાકો ધાંમ જાકો નવાં ખંડ નામ;
મેઘાડંબર ગાજે વાસવ રાજા લાજે,
કુનક કળસાંકી છાઇ કરી કારગરી કોઈ.
દેખી મનખ્યોરે મોઇ એવો અવનીમાં નોઈ,
નોબત નરઘાં બાજે ગગન મંડલ ગાજે;
ભેરી ભુંગલકા નાદ કરે સરણાઇકો સાદ,
કરવા કાંમો અદભુત આયો બિસકરમા સુત.
હાંડી જુમરા હજાર દેખી રવજી બલીહાર. ૧

રેખતો બીજો.

સદર.

પુરી સમજેહે સાત ભુલે ગઢડેકી આઠ,
મુગતી ચાહેગા કોઇ આવે ગઢડામે સોઈ;
જામે ભગ્તી અખંડ દીયે કાલહુકો ડંડ,
હરે પાપીકો પાપ હરે તંનડાકો તાપ.
હરે દરદીકો દુખ હરે ભુખેકી ભુખ,
હરે દેહુનકો રોગ હરે ભવાનીકો ભોગ;
હરે હત્યાકો દોશ હરે વંજાકો સોસ,
એસો શ્રીજી મહારાજ બસે ગઢડામે આજ.
વાકો દરસનકીજે રવજી લાવો લીજે. ૨

રેખતો તીજો.

દેખો શ્રીજીકો રૂપ અખીલ ભુવનકો ભુપ,
શ્વેત વસતર છાજે દેખી દીનકર લાજે;
કંઠે કૌસ્તભનો હાર સોરકરે છડીદાર,
મોટા મુનીંદ્ર સાથ, વીજન લીધાછે હાથ.
આવે જાત્રાળુ જન, જેનાં નીરમલ છે મન,
આવી દરસન કરતાં લોચન સૌના ઠરતાં;
સ્વામી સેહેજતોનંદ બોલે હસી મંદમંદ,
ભાળી ભાવીકો ભાવ, લેવા આવ્યા છે લાવ,
કરો કમાઇનાં કાંમ, મળે ઠરવાનું ઠામ;
રવજી રહીને સનમુખ, આપે સાજનને સુખ,.
રવજી મેલીને ફંદ, ભજો ભગ્તીમાં વંદ. ૩

રેખતો ૪ થો.

સુણી ગઢાળીછે ગામ, પાસે ગઢડાકો ધાંમ,
ભગત બસે હરીભાઇ જાકે કુલમે બડાઇ;
જાકે ઘરમે આનંદ રીઝે ભગતીકો નંદ,
નીતી ભક્તીકો બેસ, નાંહી પાખંડકો લેશ.
કરે રંગનકો કાંમ, જપે શ્રીજીકો નાંમ,
કરે સાધુકો સગ લગ્યો વીરતીકો રંગ;
દીપક કીજે અભરાજ કરે સંતનકો કાજ,
ઘરમે શ્રીજીકો વાસ નાંહી ઔરનકી આસ.
બડા ભગ્તીમે લીન, સેવા સંતનકી કીન,
એસો શ્રીજી મહારાજ કરે ભગતનકો કાજ,
રવજી રેખતા ગાવે ગઢપુર દરસન જાવે. ૪

રેખતો પાંચમો.

દેખો ભાવસારકી રીત લગી પુરવકી પ્રીત,
ગોપીનાથનો આધાર, ગાંમ ગઢાળી મોઝાર;
પાળે શ્રીજીનો પંથ વાંચે સીક્ષાનો ગ્રંથ,
વેહેલા ઉઠીને નાય, કરી પુજાને ખાય.
મળી મંદીરમાં જાય લાગે શ્રીજીને પાય,
કરે સાધુકો સંગ, ભગ્તી લાગીછે અંગ;
રવજી રીજીને ગાય આનંદ મંગળતો થાય. ૫

(પદ રાગ. કચ્છી.)

શ્રીજી છાગાળાલાલ તેડો મને તેડો, હોસીલા લાગ્યો છે મને તારો હેડો, શ્રીજી છાગાળાલાલ ટેક, દેસ જોયા પર-

દશમે જોયા, જોયેસ નહી એતો તારા જેડારે. હોસી. ૧ ભવરે અરણમાં ભુલો પડયો હુ કૃપાળુ સીધોને મને કેડાકેડા હોસી. ૨ ગુના ગરીબના ગણુસોન વાલા દાબેલા દાબાના ઉખેડા. હો. ૩ રવજી કહે મને રાખી ચરનમાં, બળીયા તારોને મારો બેડા બેડા. હોસી ॥૪॥

ગાયન.

આનંદગારી પ્રભુજી મારા પુરણ પ્યારા વાલા લાગો માહારાજ આનંદગારી.આંખનાતારા વીશ્વ ઓધારા આપોને દરસન આજ, અસરણ સરણુને સંકટ હરણછો તારણ તરણ જગતાત; ભ્રાત ભગની માત તમે છો ગોરાને કોમળ ગાત, જંન મન રંજન અરીદળ ગંજન ભવ દુખ ભંજન સંતતણા,શીરતાજ પ્રભુજીપ્યારા વાલાલાગો મહારાજ ॥ ૧ ॥ ભગત વતસલ નીરમળ કોમળ અરીદલ બળ હરનાર, સુખના સીંધુ સરજનહારા તુપર હુ બલીહાર; ભગ્તીના નંદન ધર્મના ચંદન કરતજ વંદન જીવન પ્રાંણના જાહાંજ. પ્રભુજી પ્યારા ॥ ૨ ॥ ઓધારવાને શ્રીજી અવતરયા અઘ અગનાંનીજંન વાદ વીવાદમાં વાલો કરે છે વંદનાહુન વચંન, રવજીને ભાવ્યા તારવા આવ્યા શોક સમાવ્યા રાજના રાજધીરાજ પ્રભુજી.

ચેષ્ટાનાં પદ. રાગ ગરબી.

પ્રથમ શ્રી હરીનેરે ચરણે શિશ નમાવું, નૌતમ લિલારે નારાયણની ગાવું ॥ ૧ ॥ મોટા મુનિવરરે એકાગ્રે કરી મનને, જેને કાજેરે સેવે જાઇ વનને ॥ ૨ ॥ આસન સાધિરે ધ્યાન ધરીને ધારે, જેની ચેષ્ટારે સ્નેહ કરી સંભારે ॥ ૩ ॥

સહજ સ્વભાવિકરે પ્રકૃતિ પુરૂષોતમની સુણતાં સજનિરે બિક મટાડે જમનિ ॥ ૪ ॥ ગાવું હેતેરે હરિના ચરિત્ર સંભારી, પાવન કરજોરે પ્રભુજી બુદ્ધિ મારી ॥ ૫ ॥ સહજ સ્વભાવેરે બેઠા હોય હરિ જ્યારે, તુલસિનિ માળારે કઈ ફેરવે ત્યારે ॥ ૬ ॥ રમુજ કરતારે રાજીવનેણ રૂપાળાં, કોઇ હરિજનનીરે માગી લઇને માળા ॥ ૭ ॥ બેવડી રાખીરે બબે મણકા જોડે; ફેરવે તાણીરે કોઈક માળા તોડે ॥ ૮ ॥ વાતું કરેરે રમુજ કરીને હસતા, ભેળો કરીરે માળા કરમાં ઘસતા ॥૯॥ કયારેક મિચિરે નેત્રકમળને સ્વામી, પ્રેમાનંદકેરે ધ્યાન ધરે બહુનામી ॥ ૧૦ ॥ પદ ॥ ૧ ॥ સાંભળ સૈયરરે લિલાનટ નાગરની, સુણતાં સુખડુંરે આપે સુખસાગરનિ ॥ ૧ ॥ નેત્ર-કમળનેરે રાખી ઉઘાડાં કયારે; ધ્યાન ધરીને બેસે જીવનત્યારે ॥૨॥ કયારેક ચમકીરે ધ્યાન કરંતા જાગે, જોતાં જીવનરે જનમ મરણ દુ:ખ ભાગે ॥ ૩ ॥ પોતા આગળરે સભા ભરાઇ બેસે, સંત હરિ જનરે સામુ જોઇ રહે છે ॥ ૪ ॥ ધ્યાન ધરિનેરે બેઠા હોય હરિ પોતે, સંત હરિજનરે ત્રપત ન થાય જોતે ॥૫॥ સાધુ કિરતનરે ગાય વજાડિ વાજા, તેમને જોઇરે મગ્ન થાય મહારાજા ॥ ૬ ॥ તેમની ભેળારે ચપટી વજાડી ગાયે, સંત હરિજનરે નિરખી રાજી થાએ ॥ ૭ ॥ કયારેક ગાય વજાડી તાળી, ભેળા ગાયરે તાળી દેહુ વનમાળી ॥૮॥ આગળ સાધુરે કીર્તન ગાય જ્યારે, પોતા આગળરે કથા વંચાએ ત્યારે ॥ ૯ ॥ પોતે વારતારે કરતા હોય બહુનામી, ખસતા આવેરે પ્રેમાનંદના સ્વામી ॥ ૧૦ ॥ પદ ॥ ૨ ॥ મનુષ્ય લિલારે કરતા મગ્ગરકારી, બેઠા સભામાંરે બેઠા લાલ

ભયહારી ॥ ૧ ॥ જેને જોતાંરે જાયે જગ આશક્તિ, જ્ઞાન વૈરાગરે ધર્મ સહિત જે ભક્તિ ॥ ૨ ॥ તે સંબંધિરે વાર્ત્તા કરતા ભારી, હરી સમજાવેરે નિજ જનને સુખકારી ॥ ૩ ॥ જોગને સાંખ્યરે પંચરાત્ર વેદાંત, એ શાસ્રનારે રહસ્ય કહે કરી ખાંત ॥ ૪ ॥ કયારેક હરિજનરે દેશ દેશના આવે, ઉછ્વ ઉપરરે પુજા બહુ વિધિલાવે ॥ ૫ ॥ જાણી પોતાનારે સેવક જન અવિનાશી, તેમની પૂજારે ગ્રહણ કરે સુખરાશી ॥ ૬ ॥ ભકત પોતાનેરે તેને શામસુજાણ, ધ્યાન કરાવીરે ખેંચે નાડી પ્રાણ ॥ ૭ ॥ ધ્યાનમાંથીરે ઉઠાડે નિજ જનને દેહમાં લાવેરે પ્રાણ ઇંદ્રી મનને ॥૮॥ સંત સભામાંરે એમ હોય અવિનાશી, કોઇ હરિજનનેરે તેડવા હોય પાસ ॥૯॥ પેહેલા આંગળીરેં નેત્રતણી કરી સાન, પ્રેમાનંદ કહેરે સાદ કરે ભગવાન ॥૧૦॥ પદ ॥ ૩ ॥ મોહનજીનીરે લિલા અતિ સુખકારી, આનંદ આપેરે સુણતાં ન્યારિ ન્યારિ ॥ ૧ ॥ કયારેક વાતુંરે કરે મુનિવર સાથે, ગુછ ફુલનાંરે ચોળેછે બે હાથે ॥ ૨ ॥ શિતળ જાણીરે લિંબુહાર ગુલાબી તેને રાખેરે આંખ્યુ ઉપર દાબી ॥ ૩ ॥ ક્યારેક પોતેરે રાજિપામાં હોય. વાતું કરેરે કથા વંચાયે તોય ॥ ૪ ॥ સાંભળે કીરતનરે પોતે કાંઈક વિચારે, પુછવા આવેરે જમવાનું કોઇ ત્યારે ॥ ૫ ॥ હાર ચડાવેરે પુજા કરવા આવે, તેના ઉપરરે બહુ ખીજી રિસાવે ॥ ૬ ॥ કથા સાંભળતાંરે હરે હરે કહી બોલે, મર્મ કથાનોરે સુણી મગન થૈ ડોલે ॥ ૭ ॥ ભાન કથાનરે બીજી ક્રિયામાંય, ક્યારેક અચાનકરે જમતાં હરે બોલાય ॥૮॥ થાય સ્મૃતિરે પોતાને જ્યારે તેની, થોડુંક હસેરે ભકત સામું જોઇ

એની ગાદા એમ હરી નિતનિતરે આનંદરસ વરસાવે, એ લિલા રસરે જોઇ પ્રેમાનંદ ગાવે ॥ ૧૦ ॥ પદ ॥ ૪ ॥ સાંભળ સજનિરે દિવ્ય સ્વરૂપ મોરારી, કરે ચરીત્રરે માનુષ્ય વિગ્રહ ધારી ॥ ૧ ॥ થયા મનોહરરે મોહન મનુષ્ય જેવા, રૂપ અનોપમરે નિજ જનને સુખ દેવા ॥ ૨ ॥ કયારેક ઢોલીયરે બેસે શ્રીઘનશ્યામ, કયારેક બેસેરે ચાકળે પુરણ કામ ॥ ૩ ॥ કયારેક ગોદડંરે ઓછાડછે સહિત, પાથર્યું હોયરે તેપર બેસે પ્રીતે ॥ ૪ ॥ કયારેક ઢોલિયારે ઉપર તકિયો ભાળી, તેપર બેસેરે શ્યામ પલાંઠી વાળી ॥ ૫ ॥ ઘણુંક બેસેરે તકિયે ઉઠિંગણ દઇને, કયારેક ગોઠણુરે બાંધે બેસ ॥ ૬ ॥ કયારેક રાજીરે થાય અતિશે આલી, સંત હરિજનનેરે ભેટે બાથમાં ઘાલી ॥ ૭ ॥ કયારેક માથેરે મેલે લૈ બે હાથ, છાતીમાંહીરે ચરણ કમળ દે નાથ ॥૮॥ કયારેક આપેરે હાર તોરા ગીરધારી, કયારેક આપેરે અંગનાં વસ્ત્ર ઉતારી ॥૯॥ કયારેક આપેરે પ્રસાદિના થાળ, પ્રેમાનંદ કેરે ભકતતણા પ્રતિપાળ ॥ ૧ ॥ પદ ॥ ૫ ॥ એવાં કરેરે ચરિત્ર પાવનકારી, શુકજી સરખારે ગાવે નિત્ય સંભારી ॥૧॥ કયારેક જીભને દાંતતળે દબાવે, ડાબે જમણેરે પડખે સેજ સ્વભાવે ॥ ૨ ॥ છિંક જયારે આવે ત્યારે રૂમાલ લેઇને છિંક ખાયેરે મુખપર આડો દઇને ॥ ૩ ॥ રમુજ આણીરે હસે અતિ ઘનશ્યામ મુખપર આડોરે રૂમાલ દેઇ સુખધામ ॥૪॥ કયારેક વાતુંરે કરતા થકા દેવ, છેડે રૂમાલનેરે બળ દેવાનિ ટેવ ॥૫॥ આત દયાળુરે સ્વભાવછે સ્વામીનો, પરદુખહારીરે વારી બહુનામીનો ॥ ૬ ॥ કોઇને દુખીયારે દેખી ન ખમાયે, દયા

આણીરે અતિ આકળા થાઇ ॥ ૭ ॥ અન ધન વસ્ત્રરે આ-પીને દુખ ટાળે, કરૂણા દ્રષ્ટીરે દેખી વાનજવાળે ॥ ૮ ॥ ડાબે ખભેરે ખેશ આડસોડ નાખી, ચાલે જમણા કરમાંરે રૂમાલ રાખી ॥૯॥ કયારેક ડાબોરે કર કેડ ઉપર મેલી, ચાલે વાલોરે પ્રેમાનંદનો હેલી ॥ ૧૦ ॥ પદ ॥ ૬ ॥ નિત નિત નોત્તમરે લિલા કરે હરીરાય, ગાતાં સુણતાંરે હરીજન રાજી થાય ॥ ૧ ॥ સહજ સ્વભાવે રે ઉતાવળા બહુચાલે, હેત કરીનેરે બોલાવે બહુવાલે ॥ ૨ ॥ કયારેક ઘોડેરે ચડવું હોય તારે, કયારેક સંતનેરે પિરસવા પધારે ॥ ૩ ॥ ત્યારે ડાબેરે શસે ખેસને આણી, ખેશને બાં-ધેરે કેડ સંઘાતે તાણી ॥ ૪ ॥ પિરસે લાડુરે જલેબી ઘન-શ્યામ, જણસ જમ્યાનિરે લઇ લઇ તેના નામ ॥ ૫ ॥ ફરે પંગતમાંરે વારંવાર મહારાજ, સંત હરિજનનેરે પિરસવાને કાજ ॥ ૬ ॥ શ્રદ્ધાભકિતરે અતિ ઘણિ પિરસતાં, કોઇના મુખમાંરે આપે લાડુ હસતાં ॥ ૭ ॥ પાછલી રાત્રીરે ચાર ઘડી રહે ત્યારે, દાતણ કરવારે ઉઠે હરિ તે વારે ॥ ૮ ॥ નાવા બેસેરે નાથ પલાંઠી વાળી, કર લઇ કળશ્યોરે જળ ઢાળે વનમાળી ॥ ૯ ॥ કોરે વસ્ત્રરે કરી શરીરને લોવે, પ્રે-માનંદ કેરે હરિજન સર્વે જોવે ॥ ૧૦ ॥ પદ ૭ ॥ રૂડા શો-ભેરે નાહીને ઉભા હોયે, વસ્ત્ર પેરેલુંરે સાથળવચ્ચે નિચોવે ॥ ૧ ॥ પગ સાથળનેરે લુઇને સારંગપાણિ, કોરા ખેશનેરે પેહેરે સારિ પેઠ તાણિ ॥ ૨ ॥ ઓઢી ઉપરણિરે રેશમ કો-રની વાલે, આવે જમવારે ચાખડીયે ચડી ચાલે ॥ ૩ ॥ માથે ઉપરણીરે ઓઢિ બેસે જમવા, કાન ઉઘાડારે રાખે સુ-

જને ગમવા ॥ ૪ ॥ જમતાં ડાબારે પગની પલાંઠી વાળી, તેપર ડાબોરે કર મેલે વનમાળી ॥ ૫ ॥ જમણા પગનેરે રાખી ઉભા શામ, તેપર જમણોરે કર મેલે સુખધામ ॥૬॥ રૂડી રીતેરે જમે દેવનાદેવ, વારેવારેરે પાણિ પિવાનિ ટેવ ॥ ૭ ॥ જાણુસ સવાદુરે જણાય જમતાં જમતાં, પાસે હુરિજનનેરે બેઠા હોય મનગમતા ॥ ૮ ॥ તેને આપિરે પછે પોતે જમે, જમતાં જીવનરે હુરિજનરે મનગમે ॥ ૯ ॥ ફેરવે જમતાંરે પેટ ઉપર હરિ હાથ, ઓડકાર ખાએરે પ્રેમાનંદના નાથ ॥ ૧૦ ॥ પદ ॥ ૮ ॥ ચળુ કરેરે મોહન ત્રસ થૈને, દાંતને ખોતરેરે સળી રૂપાની લૈને ॥ ૨ ॥ મુખવાસ લૈનેરે ઢાલિએ બિરાજે, પુજા કરેરે હુરિજન હેતે આજે ॥ ૧ ॥ પાંપણ્ય ઉપરરે આંટો લઇ અલબેલો, ફેંટો બાંધેરે છોગું મેલી છેલો ॥ ૩ ॥ વરષા રૂતુને જાણિ ઘેલા નદીનાંરે નિરમળ નિર વખાણિ ॥ ૪ ॥ સંત હુરિજનનેરે સાથે લઇને શ્યામ, નાવા પધારેરે ઘેલે પુરણકામ ॥ ૫ ॥ બહુ જળ ક્રિડારે કરતા જળમાં નાય, જળમાં તાળિરે દઇને કીર્ત્તન ગાય ॥ ૬ ॥ નાઇને બાહેરરે નિસરી વસ્ત્ર પેરિ ઘોડે બેશિરે ઘેર આવે રંગલેરી ॥ ૭ ॥ પાવન જશનેરે હુરિજન ગાતા આવે, જીવન જોઇનેરે આનંદ ઉર ન સમાવે ॥ ૮ ॥ ગઢપુર વાશીરે જોઇને જગ આધાર, સુફળ કરેછેરે નેણાં વારમવાર ॥ ૯ ॥ આવી બિરાજ્યારે ઓસરિએ બહુનામી, ઢાલિયા ઉપરરે પ્રેમાનંદનો સ્વામિ ॥ ૧૦ ॥ પદ ૯ ॥ નિજ સેવકનેરે સુખ દેવાને કાજ, પોતે પ્રગટયોરે પુરૂષોત્તમ મહારાજ ॥ ૧ ॥ ફળિયા માંયેરે સભા કરી બિરાજે, પુરણ શશિરે ઉડગણુમાં

જેમ છાજે ॥ ૨ ॥ બ્રહ્મરસ વરસેરે ત્રપત કરે હરિજનને, પોઢે રાત્રેરે જમી શામ શુદ્ધ અનને ॥ ૩ ॥ બે આંગળિયુંરે તિલક કરયાનિ પેરે, ભાલ વચ્ચેરે ઉભિ રાખિ ફેરે ॥ ૪ ॥ સુતાં સુતાંરે માળા માગી લૈને, જમણે હાથેરે નિત ફેરવે ચિત્ત દૈને ॥ ૫ ॥ ભુલ ન પડેરે કેદિ એવું નેમ, ધર્મ કુંવરનીરે સહજ પ્રકૃતિ એમ ॥ ૬ ॥ ભરનિંદ્રામાંરે પોડયા હોય મુનીરાય, કોય અજાણેરે લગાર અડી જાય ॥ ૭ ॥ ત્યારે ફડકિરે જાગે સુંદર શ્યામ, કુણછે પુછેરે સેવકને સુખધામ ॥ ૮ ॥ એવી લીલારે હરીની અનંત અપાર, મેંતો ગાઇરે કાંઇક મતિ અનુસાર ॥ ૯ ॥ જે કોઇ પ્રીતેરે શિખે સુણે ગાશે, પ્રેમાનંદનોરે સ્વામી રાજી થાશે ॥ ૧૦ ॥ પદ ૧૦ ॥

રાગ ગરબી.

ઓરા આવો શ્યામ સ્નેહી, સુંદરવર જોઉં વાલા; જતન કરીને જીવન મારા જીવમાંહિ પ્રોઉ વાલા ॥ ૧ ॥ ચીન્હ અનોપમ અંગોઅંગના સૂરતે સંભારૂં વાલાઃ નખશીખ નીરખી નૌતમ, મારા ઉરમાં ઉતારૂં વાલા ॥ ૨ ॥ અરૂણકમલ સમ જુગલ ચરણની, શોભા અતિ સારિ વાલા, ચીંતવન કરવા આતુર અતિ, મનવૃતી મારી વાલા ॥ ૩ ॥ પ્રથમ તે ચિંતવન કરૂં સુંદર સોળે ચિન્હવાળાઃ ઉર્ધરેખા ઓપી રહી, અતિશ નવીન વાલા ॥ ૪ ॥ અંગુઠા આંગળી વચેથી નીસરીને આવી વાલાઃ પાનીની બેકોરે જોતાં ભક્તોને મન ભાવી વાલા ॥ ૫ ॥ જુગળ ચરણમાં કહું અનોપમ ચિન્હ [illegible]

નાશ પામે કામવાલા ॥ ૬ ॥ અષ્ટકોણને ઉર્ધ્વરેખા, સ્વસ્તી જાંબુને જવ વાલા, વજ્ર અંકુશ કેતુને પદ્મ, જમણે પગે નવગ્રાલા ॥ ૭ ॥ ત્રીકુણ કળશને ગોપદ સુંદર, ધનુષ્યને મોનવાલા; અર્ધચંદ્રને વ્યોમ સાત છે, ડાબે પગ ચિન્હવાલા ॥ ૮ ॥ જમણા પગના અંગુઠાના નખમાંહી, ચિન્હવાલા તે તો નિરખે જે કોઇ ભક્ત, પ્રીતીયે પ્રવીણ વાલા ॥ ૯ ॥ એજ અંગુઠાની પાસે તીલક એક નોતમ ધારૂં વાલા, પ્રેમાનંદ કહે નીરખું પ્રીતે પ્રાણ લઇ વારૂ વાલા ॥ ૧૦ ॥

રાગ ગરબી.

હવે મારા વાલાને નહીરે વીસારૂરે, શ્વાસેઉશ્વાસેથી નીત્ય સંભારુંરે ॥ ૧ ॥ પડચું મારે સહજાનંદશું પાનુંરે હવે હુંતો કેમ કરી રાખીશ છાનુંરે ॥ ૨ ॥ આવ્યું મારે હરિવર વરવાનું ટાણુંરે એ વર ન મળે ખરચે નાણુંરે ॥૩॥ એવર ભાગ્યવિના નવ ભાવેરે, એ સ્નેહ લગનવિના નવ આવેરે ॥ ૪ ॥ દુરીજન મનમાં આવે તેમ કહેજ્યોરે સ્વામિ મારા રૂદિયાની ભિતર રેહજ્યોરે ॥ ૫ ॥ હવે હુંતો પુરણ પદને પામીરે, મળ્યા મુને નિષ્કુળાનંદના સ્વામીરે ॥ ૬ ॥

હવે મારા વાલાના દર્શન સારૂ, હરિજન આવે હજારે હજારૂં ॥ ૧ ॥ ઢોલિએ બિરાજે સહજાનંદ સ્વામિ પુરણ પુરૂષોત્તમ અંતરજામી ॥ ૨ ॥ સભા મધે બેઠા મુનિના વૃંદ તેમાં શોભે તારે વિંટ્યો જેમ ચંદ્ર ॥ ૩ ॥ દુરગપુર ખેલ રચ્યો અતિ ભારી, ભેલા રમે સાધુને બ્રહ્મચારી ॥ ૪ ॥ તાલી પાડે ઉપડતી અતિ સારી, ધુન્ય થાય ચૌદ લોકથી

ન્યારી ॥ ૫ ॥ પાઘડલીમાં છોગાલચું અતિ શોભે, જોઇ જોઈ હરિજનનાં મન લોભે ॥ ૬ ॥ પધાર્યા વાલો સરવે તે સુખના રાસી, સહજાનંદ અક્ષર ધામના વાસી ॥ ૭ ॥ ભાંગી મારે જનમો જનમનીખામી, મલ્યા મુને નિષ્કુલાનંદનો સ્વામિ ॥ ૮ ॥

પદ રાગ વિહાગ કનડો.

પોઢે પ્રભુસકલમુનીકેવ્યામ, સ્વામીનારાયણ દીવ્ય મુરતી સંતનકે વિસરામ પોઢે ॥ ૧ ॥ અક્ષર પર:આનંદ ધન, પ્રભુ કીયોહે ભુપર ઠામ જેહ્ની મીલતજન તરત માયા લહુત અક્ષરધામ પો ॥ ૨ ॥ સારદ શેષ મહેષ મહામુની જપત જેહ્ની ગુન ગ્રામ જાસપદ રજ શીશ ધરી ધરી હોત જન નિષ્કામ ॥ ૩ ॥ પ્રેમકે પર્યંત પર પ્રભુ કરત સુખ આરામ મુક્તાનંદ નીત ચરન ગુન ગાવત આઠું જામ ॥ પો ૪ ॥

પદ રાગ સોરઠ ગરબી.

રચું છે મારા રૂદિયામે રૂપ તમારૂ ॥ રચું ॥ રૂપ તમારૂં એક રૂદીયામે રાખ્યું એતો બીજું કાઢયું છે સર્વે બારૂં ॥ જગના જીવન વાલા તમને જોઇને વારી મનડુ લોભાણું છે મારૂ ॥ રચું ॥ ૧ ॥ તમ વિના સામલીયારે વાલા મુંને બિજુ નથી લાગતું સારૂ ॥ દુરીજન લોક બોલ્યાં દાઝી મરે છે તેની ધડક હૈયામે સીદ ધારૂં ॥ રચું ॥ ૨ ॥ માણુ જાતાં મન માન્યા રે માવા કેદી હેત માંઈથી નવ હારૂં ॥ બ્રહ્માનંદ કે મારા પ્રાણ સંગાથી ઘડી તમને તે કેમ વીસારૂ ॥ રચું ॥ પદ ॥ ૧ ॥

હેડામે મુને વાલા લાગો છો વનમાલી ॥ હેડા ॥ વાલા લાગો છો લટકાલા રે ॥ વાલા મારાં નેણા ઠરે છે ભાલભાલી ॥ આઠે પોહોર આવી વસી અંતરમે વાલા મુરતી તમારી મરમાલી ॥ ૧ ॥ હેડા ॥ બાંધ્યા છે બાજુ કાજુ ફુલડાંની માલા ભલે લાગેછે અતિ રૂપાલી ॥ મનડા હરો છો તમે મોરલી વજાવી વલી ગાતાં નાખો છો રંગડા ઢોલી ॥ હે૦ ॥ ૨ ॥ સુરે કરે સંસારીયા દુકડાં મેતો લોકનીતે લજ્યા સર્વે ટાલી ॥ બ્રહ્માનંદના વાલા તમ સંગ રમતાં મારે દાડી દાડી તે દીવાલી ॥ હે૦ ॥ ૩ ॥

પદ ૩ ભુદરજી આવી મનડે અમારે તમે ભાવ્યા ॥ અક્ષરાતીત અલબેલારે વાલા તમે અમ કારણ વ્રજ આવ્યા ચીતડાંમે અમારાં નમે લેવાને કાજે માથે ફુલડાના તોરા લટકાવ્યા ॥ ભુ૦॥ ૧ ॥ એક ઘડી સામલીયા સનેહી વારી વીસરો ને વીસરાવ્યા ॥ સર્વે તે લોકમે સૌ જાણે છે કાના કુંથ મારા તમે કાવ્યા ॥ ભુ૦ ॥ ૨ ॥ માયાના જીવતે તો મરમ ન જાણે તેણે સૌ સરખા ઠરાવ્યા બ્રહ્માનંદના વાલા સામ સુંદર વર જેવા છો તેવા અમને ફાવ્યા ॥ ભુ૦॥ ૩ ॥

પદ ॥ ૪ ॥ પ્રીતમજી પ્યારા જીવુંછું તમને જોઇને ॥ મુરતી તમારી મન માની રે માવા તેમાં હેતે રહી છું ચીત પ્રોઇને રે તમ સંગાથે મારે નેડા બંધાણો તેની ખબર નઈ બીજા કોઇને ॥ પ્રી૦ ॥ ૧ ॥ નીશંક થઇ માથે છેડો નાંખ્યો છો ઠાર કેતાં તે લોક વગોઇને ॥ માથા ને શાટે તમને વરીયા મોરારી વારી કુલની મરજાદા સર્વે ખોઇને ॥

પ્રી૦ ॥ ૨ ॥ સમજી વિચારી એતો પગલાં ભરયાં છે ચાલી મન મતવાલી હોઈને ॥ બ્રહ્માનંદના વાલા તમને દેખીને મારૂ રચ્યું મન કરવું છે જો મોઈને ॥ પ્રી૦ ॥ ૩ ॥

પદ ૧ રાગ પરજીયો.

હારે છોગા વાળા હો છેલ પ્યારા મારા જીવન પ્રાણ છે.!
મોહન તારી મુરતી મને લાગે છે પ્યારી લાલ.
આડી મીટી દેખતાં તમે ચાલો છો સુંદીર ચાલ. છોગા.
વેણુ અલોકીક વાઈને ગાઇ નોત્તમ ગીત,
કામણ કીધા કારમાં મારા ચોરી લીધા ચીત. છોગા.
બાયે બાજુ બંધ બેરખા પેરી ફુલડા કેરા હાર,
વાલા બ્રહ્માનંદના ઓરા આવો નંદ કુમાર. ૩

પદ ૨.

હારે લટકાળા હો લાલ લટકે તારે મન મારૂં લીધલું. ટેક.
મોહન વાઇ મોરલી તમે કાળનરીને તીર,
સાંભરતાં સુધ વીસરયુ હુતો ભરી ઉભરા નીર. લટકાળા.૧
પ્રીતમ પેર્યા પ્રેમથી વલી શોભીતા શણગાર,
જાદવ સામુ જોઇને સર્વે વસ કીધી વ્રજનાર. લટકાળા. ૨
હરી બોલાવી હેતમાં મારૂં કાળજ નાખ્યું કોર,
વાલા બ્રહ્માનંદના તમે જાદુગારા જોર. લટકાળા. ૩

પદ ૩

હારે મોરલી વાળા હો માવ મોઠી મીઠી વાઓ મુખે મોરલી.
મોહન તારી મોરલી છે કામણગારી કોર,
તીખી નોતમ તાનમાં મારૂં મનડું લીધું મોઇ. મોરલી. ૧

માયા લગાડી મુજથી હવે જીવન જશોમાં દુર,
રસીયા તારા રંગમાં મારૂ ચીત થયું ચકચુર. મોરલી. ૨
જપતાં થઇ જીવમાં મુને કાંઇ ના સુજે કામ,
બ્રહ્માનંદકે વીઠલા મુને તેં શું કરૂં તે આમ. મોરલી. ૩

પદ. ૪

હાંરે રંગ ભીના હો કાન વાલપની કરીયે જોને વાતડી. ટેક.
કાનજી તારે કારણે મેતો સજ બીછાવી સાર,
જીવન ઉભી જોઉંછું હુતો વાટડી વારંમવાર. રંગ. ૧
મળ્યા વીનાના અતી રીસમાં આડા અંતરમાં ઉદાસ,
શા માટે નથી આવતા તમે પ્રીતમ મારી પાસ. રંગ. ૨
તોડી સૌ સંસારથી મેંતો તમથી જોડી તાન,
બ્રહ્માનંદ કે દીજીયે વાર દરસન કેરાં દાન. રંગ. ૩

રાગ પરજીયો.

પદ. ૧

હારે નંદજીના હો લાલ વાલ મારે ઘેર તમે આવજો. ટેક.
પેરી પીતાંબર મેમલું વાલા રંગ સોરંગ કામની તમે ધરજો,
શોભા કોટીક કામની તમે ધરજો અંગોઅંગ. નંદ. ૧
મોતી માળા કોટમાંને હેમ કડાં બેઉ હાથ,
સીવ બ્રહ્માદી જોઇને રાજી થાશે નાથ. નંદ. ૨
વાલા માથે મુગટ ફુલના વરી ફુલડા કેરા હાર,
જીવન મનને જોઇને મોઇ જાશે નગર નાર. નંદ. ૩
કંદ્રપ કોટી વારણે એવી ધરજો શોભા સામ,
પ્રેમ સખી કે ઉરમાં હુંતો રાખીશ આઠો જામ. નંદ. ૪

પદ ૨

હારે મરમાળા હો માવ સાંભળો તમને સીખવું રીતડી.
ગોવિંદ ગાજતે વાજતે તમે આવજો મારે ઘેર,
પડ પાડોસી ગામના મર જાણે બધું શેર. મરમાળા હો. ૧
મંદીરમાંથી પાધરા વાલા આવજો માણેક ચોક,
સામી ઉંચી મેડીએ વાલા રેછે મારી સોક. મરમાળાહો. ૨
જોસે આવી ગોખમાં તમને રસીયા વારમવાર,
કામણગારા નેણનાં તમે મારજો બાણ હજાર. મરમાળાહો ૩
આકળા થાસોમાં વાલા ઉભા રેજો એને બાર,
પ્રેમ સખી કે સાનમાં એનું મન મનવજો તમે હાર. હો. ૪

પદ ૩

હાંરે કામણગારા હો કામ સારી પેઠે સાનમાં સમજાવજો.
નવ છંદીછે નાથજી વળી ધુતારી ગુણવાણ,
એની આંખડલી છે અણીયાલી છેતરાશોમાં કાન. કામ. ૧
આંખડલી છે અણિઆળીઓ તેની રાખશોમાં તમે બીક,
કમળ નેણ ફેરાવતાં એને કરજો ઠીકા ઠીક કામ. ૨
મોહન તમને પુછસે કયાં જાવો છો સુંદીર સ્યામ,
જીવન એની આગળ તમે લેજો મારૂં નામ. કામ. ૩
હું આવીશ જોવા જાદવ ચર્યા ભરવા પાણી હેલ,
પ્રેમ સખી સામું જોઇને તમે વારજો રંગની રે રેલ કામ. ૪

પદ ૪

હારે ગુણવંતા ગોવિંદ હસતા આવો મોહન મારી સેરીએ.
મોહન મોરલી વાઇને વાલા ગાઈને સુંદર ગીત,

આખડલીના ભાવમાં ચોરી લાવજો એવું ચીત. ગુણ. ૧
અગાસીમાં આવીને હુકારસો જીવન સામ,
મારી પાડોશીણને આંગણે એક ગાજો મીઠી તાન. ગુણ. ૨
હુલવા ઠલવા હેતમાં વાલા આવો મારે બાર,
થાળ ભરી ગ્રગ મોતીડે વધાવીસ વારંવાર. ગુણ. ૩
સુંદર ફુલની સેજોમાં પધરાવીસ હું એકાંત,
પ્રેમસખી કે રસીયો સર્વ ગુણ પદ ૪ પુરીસ મનની ખાંત.
ગુણ. ૪

કીર્તન ૧

ચરણે સીસ નમાવું સ્વામી બેઉ કરજોડી હાથ. ટેક.
આનંદ વાધ્યો ઉરમાં આજે સહેજાનંદ મહારાજ,
સહાય થાવો સહુ હરીજન ઉપર દરસન દીન દયાળ,
સુખકારી ઘનશામ તમે છો પ્રાણ તણા આધાર. આ. ૧
આણકી ઉપર બેઠા સ્વામી પચરંગી સીર પાઘ,
કરમાં લગામ રૂપાળી શોભે મન માન્યું મહારાજ. આ. ૨
નખશીખ મુરતી નારાયણની નીરખી થયા નિહાલ,
દાસ હરીને નીત નીત દેજો દરશન દીન દયાળ. આ. ૩

રાગ માઢ.

નારાયણ રસીયા રાજ રે મારો ધીંગો તુ ધણી,
ગુણ નીધી ગરીબ નવાજ રે મારો ધીંગો તુ ધણી દોઢ.
અમદાવાદ નગરના મંદીરમાં જળહુળ જયોતી પ્રકાસ,
બહુનામી બળવંત બીરાજે સૌની પુરો આશ રે. મારો. ૧
કોટી અનંગથી કલીત છબી તુજ કોટી સુરજથી વિશેષ,

દેવ બધા તુજ દરસન આવે બ્રહ્મા વીશ્નુ મહેસ. મારો. ૨
સારદ નારદ સુક સનકાદીક ગાંધ્રવ કરતા ગાંન,
હેમ સીહાસનપર હરીરાજી શોભો છો શ્રીભગવાન મારો. ૩
નરનારાયણ નીરખીને નેણે સરીયાં મારાં કાજ,
રવજી કહે રહી શરણે હમેશાં સેવા કરૂ શીરતાન. મારો. ૪

રાગ માયા મુકોને સૌ કુડ કપટનાં કામ.

નરનારાયણ ભગવાન ગુણ હું નીત ગાઉં,
તજી તમને તો માહારાજ કયાં હુ જાઉં. નરનારાયણ,
નહી જાઉં હુ ગોકુળ મથુરાં નહી જાઉં વનરાવન,
નહી જાઉં હુ કાશી પ્રાશી તડકો ખાવાં તંન. ગુણતારા. ૧
જગન્નાથ જાતાં જગજીવન ચડતો મુજને શ્વાસ રે,
દુવારકાંમાં દરીયો આડો ગંગા જમના પાસ. ગુણતારા. ૨
અડસઠ તીરથ આપ સરણમાં દાહાડી આવે દેવ રે,
સેષ મહેસ સુરેસ પધારી કરે તમારી સેવ. ગુણ. ૩
મન માંન્યુ મારૂ તમ સાથે રૂદીયામાં વીશ્વાસ રે,
નીત્ય ભજો સૌ નરનારાયણ કહે છે રવજી દાસ. ગુણ. ૪

ગાયન રાગ ઇંદ્રિ સભાને.

અરે લાલ દેવ જરા ઇસ તરફતો આ.

તન મને ધને ભજે શ્રીજી તમારા દાસ,
ચીત સદા સરણમાં ને અવર નથી આસ.
શંકરલાલ માધવજી તો નીત ભજે હરી,
નીશ પરાહી ભગતી કરે ઉર ઉમંગ ધરી.
મનસુખ સુંદર તણો ભાવ છે અતી,

નીસ દીન સેવા માંડે રહે જેની વૃતી.
લલુભાઇ વાલદાસ તે તમારા દાસ,
આઠ પોહોર બત્રી ઘડી જપે શ્વાસો શ્વાસ.
છનાભાઈ લાલદાસ તે તમારા જન,
ભગતી કરે ભાવ ધરી નીરવીકારી મન.

ગાયન.

ધન ધન ધન શ્રીજીના સેવક કરૂણા દ્રષ્ટી કીધી,
શ્રીજીના જશ ગાતાં જાણુી સુધ અમારી લીધી. ધન. ૧
ચાર જણા થઈ શ્રીજી સેવા લાયક ભગતી લીધી,
જ્ઞાન અંજળી ઘેલામાંથી પ્રીત ધરીને પીધી. ધન. ૨
આવા સદ્દગુણી શ્રેષ્ટ બનીને લક્ષ આસીસો લીધી,
ધામ અક્ષરાના ઘન વરશી દેહમાં નોબત દીધી. ધન. ૩
શ્રીજી શરણે રહી નીરંતર વચલી જવાળા વીધી,
રવજી કહે રહો ચીરણા જીવી સઉ પાચો રીધી સીધી. ધન.

કીર્તન ૧ લું.

મારા મંદીર પધાર્યા શામ થઇ બડભાગી,
મારે હરીવર સાથે હેતશું લગની લાગી. ટેક.
મારા મનની પુરી હામ કૃત્રાર્થ કીધો,
ભવ બુડતાં બાંહ્ય ગૃહીને લીધી. મારા૦ ૧
મારા મનમાં વસીયા માવ તાપ તમ હાલ્યા,
મુને મગન કરી મહારાજ દુર્ગપુર ચાહ્યા. મારા૦ ૨
મુને કરવુ ન સુજે કાજ કહો કેમ કરીએ,
જબ મીલન સહજાનંદ ઠામ કયા ઠરીએ. મારા૦ ૩

સી કહુ આ સુખની વાત કહી નથી જાતી,
આ સુખ સંભારતાં આજ ફાટે મારી છાતી. મારા૦ ૪
કહે યોગાનંદ મુનીરાય ભજી હ્યો પ્રીતે,
નહિ મીલે એ જમના દુત શાસ્ત્રની રીતે. મારા૦ ૫

કીર્તન ૨ જું.

માવાનાં મુગટડાનાં મોતી જીણાં ઝગમગ ઝળકે છે,
ઝગમગ ઝળકે છે મનોહર મણી ઉલળકે છે. માવા ટેક.
લીલાં પીળાં રાતાં મોતી કાળાં ધોળાં કેરૂ,
મોર કરાયણ મણી ઉઝળકે ચીતડું મારૂ ચોરે. મા૦ ૧
પીળાં પીળાં પીતાંબરને પીળો હેમ કંદોરો,
પીળું કેસર લેપ લલાટે પીળો કુસમનો તોરો. મા૦ ૩
રાતુ કેશળ ચંદન કપાળે રાતાં મુખ તંબોળ,
રાતી હાથ હથેળી દેખી અધળ રાતાં ચોળ. મા૦ ૪
કારા કારા કહાન કોડીલા કારા હરીના કેશ,
કારૂ કાજળ નયણે સીધું કાળી કામળી એંસ. મા૦ ૫
લીલી લીલી મુથડલીને લીલો ખભે ફટકો,
લીલા ફુલની છડી લઇને કહાન કરે છે લટકો. મા૦ ૬
ધોળાં ધોળાં મોતીડાંને ધોળો ફુલનો હાર,
ધોળા મુખમાં દંત દેખી દાસ હરી બલીહાર. મા૦ ૭

પદ રાગ ગરબી.

તમે મીઠું બોલીને મન લીધુ રે.
મિઠડા બોલાજી ॥ એ ઢાલ છે ॥
હરિ હેતે કરીને સખી આજ રે, ભુજમાં ભુધરજી,

આવ્યા સંત સહિત મહારાજ રે ॥ ભુ૦ ॥ ૧ ॥
સેવે ભક્ત તણે મન ભાવ્યા રે,
શામા જૈને મોતીડે વધાવ્યા રે ॥ ભુ૦ ॥ ૨ ॥
બહુ વાજાં આનંદનાં વાજે રે,
ભેરી ભુંગળને પડઘમ ગાજે રે ॥ ભુ૦ ॥ ૩ ॥
ઝાંઝ પખાજના ઝણકારા રે,
ઢોલ ત્રાંસા તણો નહિ પાર રે ॥ ભુ૦ ॥ ૪ ॥
ઘણે મુલે ઘોડે હરિ રાજે રે,
થાય ચમરને છત્ર બીરાજે રે ॥ ભુ૦ ॥ ૫ ॥
સહુ દોડીને દરસને આવે રે,
રૂડા પુષ્પે હરીને વધાવે રે ॥ ભુ૦ ॥ ૬ ॥
શહેર મધ્યે થઇને ઘનશ્યામ રે ॥ ભુ૦ ॥
આવ્યા સુંદરને હિરજી ધામ રે ॥ ભુ૦ ॥ ૭ ॥
પ્રિત્યે પાટ ઉપર પધરાવી રે,
પુજ્યા પ્રેમ ઘણો ઉર લાવી રે ॥ ભુ૦ ॥ ૮ ॥
પછી વિધ વિધના કરી થાળ રે,
હેતે જમાડયા દિન દયાળ રે ॥ ભુ૦ ॥ ૯ ॥
કામ કાજ કરે નહિ કોઇ રે,
રહે હરિ સામું સૌ જોઇ રે ॥ ભુ૦ ॥ ૧૦ ॥
જોઇ સુંદર ને હીરજીનુ હેત રે,
રહ્યાં ઘણું ત્યાં સંત સહિત રે ॥ ભુ૦ ॥ ૧૧ ॥

ધ્યાન ધારણા સમાધી કરાવે રે,
ધામ ગોલોક આદી દેખાવે રે ॥ ભુ૦ ॥ ૧૨ ॥
એક આવ્યો વેરાગી અનાડી રે,
કરી સમાધી સૌને દેખાડી રે ॥ ભુ૦ ॥ ૧૩ ॥
પછી હરિએ બોલાવ્યા બાઇ લાધી રે,
તેને તુરત કરાવી સમાધી રે ॥ ભુ૦ ॥ ૧૪ ॥
પછી અંગારા લેઈ દીનોનાથ રે,
મેલ્યા લાધી બાઈના હાથ માંય રે ॥ ભુ૦ ॥ ૧૫ ॥
તેને જોઇને ભાગ્યો વેરાગી રે,
કહે કેમ ખમાય આ અગ્ની રે ॥ ભુ૦ ॥ ૧૬ ॥
એવી લીલા કરીને સુખ આપે રે,
સર્વે જન તણાં દુઃખ કાપે રે ॥ ભુ૦ ॥ ૧૭ ॥
કરે વાતુ તે મન ઘણી ભાવે રે,
હરિ હસી હસી હેત જણાવે રે ॥ ભુ૦ ॥ ૧૮ ॥
અતી રાજી જોઇને દિનો નાથ રે,
હીરજીએ માગ્યું જોડી હાથ રે ॥ ભુ૦ ॥ ૧૯ ॥
અમ ઘેર રહો કરી વાસ રે,
બીજે જાવું નહિ અવીનાશ રે ॥ ભુ૦ ॥ ૨૦ ॥
જ્યારે રજા રાજી થઈ દેઇયે રે,
ત્યારે બીજાને ઘેર જઇયે રે ॥ ભુ૦ ॥ ૨૧ ॥
પછે ભક્ત વછલ ભગવાનને રે,
રહ્યા ત્યાં આપી વરદાન રે ॥ ભુ૦ ॥ ૨૨ ॥

પછે સુંદરને હિરજી ભાઇ રે,
થયા રાજી ઘણું મન માંય રે ॥ ભુ૦ ॥ ૨૩ ॥
કરિ વિધ વિધનાં પકવાન રે,
હેતે જમાડે દેઇ ઘણું દાન રે ॥ ભુ૦ ॥ ૨૪ ॥
વળી વસ્ત્ર ઘરેણાં પેરાવે રે,
હાર તોરાને ગજરા ધરાવે રે ॥ ભુ૦ ॥ ૨૫ ॥
રહ્યા ત્રિકમ ત્યાં બહુ માસ રે,
તોય રજા આપે નહિ દાસ રે ॥ ભુ૦ ॥ ૨૬ ॥
પછે પ્રેરણા કરી ઘનશ્યામ રે,
આવ્યો શનો દીવાન તેહ ઠામ રે ॥ ભુ૦ ॥ ૨૭ ॥
જગજીવન જાણો એનું નામ રે,
ધર્મ દ્વેષીને કર્મ ન કામ રે ॥ ભુ૦ ॥ ૨૮ ॥
તેની સામા બોસને ભગવંન રે,
બોલ્યા છાતી કાઢીને વચન રે ॥ ભુ૦ ॥ ૨૯ ॥
મુને સર્વેનો ઈશ પ્રમાણો રે,
વળી રાધા રમાનો પતિ જાણો રે ॥ ભુ૦ ॥ ૩૦ ॥
સુણી વચન ઉઠી ઊર આગ રે,
પામ્યો કોપ જેમ કાલો નાગ રે ॥ ભુ૦ ॥ ૩૧ ॥
કરીને ક્રોધને ઉઠયો રિસાઇ રે,
થયા ઉદાસિ હીરજી ભાઈ રે ॥ ભુ૦ ॥ ૩૨ ॥
જગ જીવન કોપ્યો આચાર રે,

લુટી લેશે અમારાં ઘર બાર રે ॥ ભુ૦ ॥ ૩૩
બહુ નામી બોલ્યા મુખે તેયે રે,
ગંગારામને ઘેર કોતો જૈયે રે ॥ ભુ૦ ॥ ૩૪ ॥
બદ્રીનાથ કહે રાજી ભાઇ રે,
મુખે બોલી સકયા નહિ કાંઈ રે ॥ ભુ૦ ॥ ૩૫ ॥

પદ ૧ લું.

આમ સમો જોઇને સધાવ્યા રે, મનમાં વિચારી ॥
મલ ગંગારામને ઘેર આવ્યા રે. ॥ મનમાં ॥ ૧ ॥
ગંગારામ મહા રણુ ધીર રે ॥ મ૦ ॥
વલી અતી ઘણા સુરવીર રે, ॥ મ૦ ॥ ૨ ॥
તેહ બોલ્યા લાગી હરિ પાય રે ॥ મ૦ ॥
મર આવે ત્રિલોકનો રાય રે. ॥ મ૦ ॥ ૩ ॥
તેને તરણા જેવો કરી દાખુ રે ॥ મ૦ ॥
કેદી દિન વચન નવ ભાંખું રે ॥ મ૦ ॥ ૪ ॥
તમ સારૂ હું જીવન પ્રાણુ રે ॥ મ૦ ॥
કરૂં તન મન ધન કુરબાણુ રે. ॥ મ૦ ॥ ૫ ॥
એમ કરીને રાખ્યા મેડી માથે રે ॥ મ૦ ॥
રહ્યા ચોકિમાં સો મલ સાથ રે. ॥ મ૦ ॥ ૬ ॥
લાલ લિલા કરે ત્યાં નવિ રે ॥ મ૦ ॥
કેતાં થાકે શેષાદિક કવિ રે. ॥ મ૦ ॥ ૭ ॥
નીત્ય ઝુલે હિંડોરે રંગ લેરી રે ॥ મ૦ ॥

હરિજન બેસે સહુ ઘેરી રે. ॥ મ૦ ॥ ૮ ॥
એકદીન ભક્ત બહુ આવ્યા રે ॥ મ૦ ॥
ભાત ભાતનાં ફુલ સહુ લાવ્યા રે. ॥ મ૦ ॥ ૯ ॥
હેતે ઝુલાવા શ્રી ગીરીધારી રે ॥ મ૦ ॥
બાંધ્યો ફુલ હિંડોરો ભારી રે. ॥ મ૦ ॥ ૧૦ ॥
પછી હરીયે સજ્યા શણુગાર રે ॥ મ૦ ॥
જોઈ રાજી થાય નરનાર રે. ॥ મ૦ ॥ ૧૧ ॥
પહેરી સુથણુલી નવ રંગ રે ॥ મ૦ ॥
શોભે જામો જરીનો અંગ રે. ॥ મ૦ ॥ ૧૨ ॥
માથે મોલીયું સુંદર રાજે રે ॥ મ૦ ॥
હાર તોરાને ગજરા બીરાજે રે. ॥ મ૦ ॥ ૧૩ ॥
હેમ કડાંને બાજુ બંધ રે ॥ મ૦ ॥
સારૂ શેલું શોભે છે કંધ રે. ॥ મ૦ ॥ ૧૪ ॥
રૂડા રૂમાલ રેશમી હાથ રે ॥ મ૦ ॥
મંદ મંદ હસે મારો નાથ રે. ॥ મ૦ ॥ ૧૫ ॥
બેસી ઝુલે હીંડોરે સુખકારી રે ॥ મ૦ ॥
શોભે ત્રીલોકથી છબી ન્યારી રે. ॥ મ૦ ॥ ૧૬ ॥
વાગે વાજાંને ઉછવ થાય રે ॥ મ૦ ॥
હરિજન ઉમંગમાં ગાય રે. ॥ મ૦ ॥ ૧૭ ॥
ઢોલ સરણાઇને ત્રાંસાં બોલે રે ॥ મ૦ ॥
સુણી શેષ પાતાલમાં ડોલે રે. ॥ મ૦ ॥ ૧૮ ॥

આવી છાયાં આકાસે વેમાન રે ॥ મ૦ ॥
જોઇ શોભા ભુલ્યા દેવ ભાન રે. ॥ મ૦ ॥ ૧૯ ॥
કરે પુષ્પ વૃષ્ટિ હરિ માથે રે ॥ મ૦ ॥
જય જય બોલે સુર સાથ રે. ॥ મ૦ ॥ ૨૦ ॥
તેની ખબર દીવાનને પડી રે ॥ મ૦ ॥
મેલ્યા જોવા માણુસ તેહ ઘડી રે. ॥ મ૦ ॥ ૨૧ ॥
જોઇ ચાકર ગયો પાછો ફરી રે ॥ મ૦ ॥
જેવી દીઠી તેવી વાત કરી રે. ॥ મ૦ ॥ ૨૨ ॥
ગરકાવ થઇને બહુ ફુલે રે ॥ મ૦ ॥
પ્રભુ થઇને સહજાનંદ ઝુલે રે. ॥ મ૦ ॥ ૨૩ ॥
સુણી વાતને કોપ્યો અપાર રે ॥ મ૦ ॥
તુરત તેડાવ્યો ફોજદાર રે. ॥ મ૦ ॥ ૨૪ ॥
કહે હલાં કરો મલ માથે રે ॥ મ૦ ॥
ફોજ લેને તમો જાઓ સાથે રે. ॥ મ૦ ॥ ૨૫ ॥
મલ ગંગારામનું ઘર લુંટો રે ॥ મ૦ ॥
થાય સામા તેને તમે કુટો રે. ॥ મ૦ ॥ ૨૬ ॥
લાવો ઝાલી સહજાનંદ આંય રે ॥ મ૦ ॥
તેને પુરીએ બંગલામાંય રે. ॥ મ૦ ॥ ૨૭ ॥
એમ કર્યું તેણે બહું વેર રે ॥ મ૦ ॥
ફોજ આવી ગંગારામ ઘેર રે. ॥ મ૦ ॥ ૨૮ ॥
ગંગારામ લાગી હરિ પાય રે ॥ મ૦ ॥

ઉઠયા ખડગ લેઈ કરમાંય રે. ॥ મ૦ ॥ ૨૯ ॥
બહુ બોલ્યા વચન મુખ ગાજી રે ॥ મ૦ ॥
કહે ઉભા રહેજો તમે પાજી રે. ॥ મ૦ ॥ ૩૦ ॥
આજ ટુક ટુક સૌ કરી નાંખુ રે ॥ મ૦ ॥
મર્ આવે ફોજ બીજી લાખું રે. ॥ મ૦ ॥ ૩૧ ॥
એમ કહીને સામા ગયા દોડી રે ॥ મ૦ ॥
વાલે દેખાડયા એકના ક્રોડી રે. ॥ મ૦ ॥ ૩૨ ॥
એવું જોઈને સરવે ભાંગ્યાં રે ॥ મ૦ ॥
સિંધ ફાટયાંને દાઢી મુંછ લાગ્યા રે. ॥ મ૦ ॥ ૩૩ ॥
જેમ સિંધ આગે શિયાલ રે ॥ મ૦ ॥
તેમ ભાગ્યા તે ભુંડે હાલ રે. ॥ મ૦ ॥ ૩૪ ॥
બદ્રીનાથ કહે હરિ દ્વેષિ રે ॥ મ૦ ॥
જખ મારી રહ્યા પછી બેસી રે. ॥ મ૦ ॥ ૩૫ ॥

પદ ૨ જું.

નાથ નાહવા મિસર જાય રે, લાલજી લટકારો ॥
સંત સહિત તેમાં નીત્ય નાય રે. લાલજી ॥ ૧ ॥
ઘાટ પશ્ચિમનો સુખ કારી રે ॥ લા૦ ॥
ત્યાં વડ હતો એક ભારી રે. ॥ લા૦ ॥ ૨ ॥
વહાલો વસ્ત્ર ઉતારે જૈ ત્યાંય રે ॥ લા૦ ॥
પછે પધારે નીરની માંય રે. ॥ લા૦ ॥ ૩ ॥
જલ ક્રીડા કરે સુખ કંદ રે ॥ લા૦ ॥
જોઇ જન પામે આનંદ રે. ॥ લા૦ ॥ ૪ ॥

ભાવ ભક્ષા આવ્યા દેવ ત્યાંય રે ॥ લા૦ ॥
રહ્યાં આકાસે વેમાન છાંઇ રે.   ॥ લા૦ ॥ ૫ ॥
નૃત્ય કરી અપછરા ગાવે રે ॥ લા૦ ॥
રૂડા પુષ્પે પ્રભુને વધાવે રે.   ॥ લા૦ ॥ ૬ ॥
સતસંગે કરે હરિ ખેલ રે ॥ લા૦ ॥
છોગાવાલો છબીલો છેલ રે.   ॥ લા૦ ॥ ૭ ॥
સંત દાસ બુડયા તેહ ઠામ રે ॥ લા૦ ॥
જઇ નીસર્યા બદ્રી ધામ રે.   ॥ લા૦ ॥ ૮ ॥
હરિ જન સોધે આસપાસ રે ॥ લા૦ ॥
થઇ અંતર માંહી ઉદાસ રે.   ॥ લા૦ ॥ ૯ ॥
તેને જોઇને બોલ્યા જીવન રે ॥ લા૦ ॥
એતો પાકયો છે બદ્રીવન રે.   ॥ લા૦ ॥ ૧૦ ॥
માટે ચિંતા ન કરો લગાર રે ॥ લા૦ ॥
સહુ નીસરો જલની બાર રે.   ॥ લા૦ ॥ ૧૧ ॥
વલી તેહ ઠામે એક દીન રે ॥ લા૦ ॥
દીઠા ખાખી ઘણા ભગવંન રે.   ॥ લા૦ ॥ ૧૨ ॥
જોઇ દયા હરિને દીલ આવી રે ॥ લા૦ ॥
જાણે જમાડીએ કાંઇ લાવી રે.   ॥ લા૦ ॥ ૧૩ ॥
પછી પ્રીતે કહ્યું જઇ ત્યાંય રે ॥ લા૦ ॥
કાંઈ જમો તો લાવીએ આંય રે.   ॥ લા૦ ॥ ૧૪ ॥
ત્યારે બોલ્યો મોટો એક બાવો રે ॥ લા૦ ॥
ભાવ તમારો હોય તો લાવો રે.   ॥ લા૦ ॥ ૧૫ ॥
પછી પેંડાને બરફી મંગાવ્યા રે ॥ લા૦ ॥

વલી સાટા જલેબી ઘણી લાવ્યા રે. ॥ લા૦ ॥ ૧૬ ॥
તેને જોઇ બોલ્યા બહુ બાવા રે ॥ લા૦ ॥
કૃષ્ણ ભક્ત ભાવીક તમે આવા રે. ॥ લા૦ ॥ ૧૭ ॥
કહો તમારૂં ગામને નામ રે ॥ લા૦ ॥
રૂપે જોઇ લાજે કોટી કામ રે. ॥ લા૦ ॥ ૧૮ ॥
કહે હરિ સુણો નામ કૈયે રે ॥ લા૦ ॥
અમે સ્વામી નારાયણ છૈયે રે. ॥ લા૦ ॥ ૧૯ ॥
દેશ પુરવ છપૈયા ધામ રે ॥ લા૦ ॥
તેહ જાણો અમારૂ ગાંમ રે. ॥ લા૦ ॥ ૨૦ ॥
સુણિ બોલ્યા વેરાગિ ત્યારે રે ॥ લા૦ ॥
અમે તમારૂં તો નહિ લૈયે રે. ॥ લા૦ ॥ ૨૧ ॥
પછી પ્રિતમ આવ્યા શેહેર માંય રે ॥ લા૦ ॥
મલ ગંગારામ રહે ત્યાંય રે. ॥ લા૦ ॥ ૨૨ ॥
ત્યાં પ્રિતેથી મલ બોલાવી રે ॥ લા૦ ॥
કહ્યું જમો તમે સહુ આવી રે. ॥ લા૦ ॥ ૨૩ ॥
બોલ્યા ગંગારામ જોડી હાથ રે ॥ લા૦ ॥
એમ જમાય નહિ દીનાનાથ રે. ॥ લા૦ ॥ ૨૪ ॥
જુવો રમત અમારી તમે રે ॥ લા૦ ॥
પછી બેસીને મલ સહુ જમે રે. ॥ લા૦ ॥ ૨૫ ॥
મલ નથુને આંગણુ ઓટો રે ॥ લા૦ ॥
અતી સુંદર મનોહર મોટો રે. ॥ લા૦ ॥ ૨૬ ॥
ત્યાં બેસીને મલ રમાડયા રે ॥ લા૦ ॥
પોતે જમીને સૌને જમાડયા રે. ॥ લા૦ ॥ ૨૭ ॥

શ્યામ છબી શોભે સુખકારી રે ॥ લા૦ ॥
ભાલ વિસાલ ઝલકે ભારી રે. ॥ લા૦ ॥ ૨૮ ॥
શીર સોનેરી પાઘ બિરાજે રે ॥ લા૦ ॥
મુખ જોઇ મદન મન લાજે રે. ॥ લા૦ ॥ ૨૯ ॥
નાસા નેણુ તિલક છબી જોઈ રે ॥ લા૦ ॥
ભવ બ્રહ્માદિ દેવ રહે મોહી રે. ॥ લા૦ ॥ ૩૦ ॥
દંત દાડમકુલી જેવા કૈયે રે ॥ લા૦ ॥
મંદ હાસ જોઇને સુખ લૈયે રે. ॥ લા૦ ॥ ૩૧ ॥
કાને કુંડલ જડાવનાં કાજુ રે ॥ લા૦ ॥
બાંધ્યા ફુલ તણા બે બાજુ રે. ॥ લા૦ ॥ ૩૨ ॥
વેઢ વીંટી કનક કડાં હાથ રે ॥ લા૦ ॥
સોના સાંકલાં પેર્યાં છે મારે નાથ રે. ॥ લા૦ ॥ ૩૩ ॥
ઓપે અંગો અંગ સણગાર રે ॥ લા૦ ॥
જોઇ મોહ પામે નર નાર રે. ॥ લા૦ ॥ ૩૪ ॥
શોભે સુંદર છબી અતી સારી રે ॥ લા૦ ॥
દાસ બદ્રીનાથ જાય વારી રે. ॥ લા૦ ॥ ૩૫ ॥

પદ ૩ જું.

હરિ હીરજી ભાઇને ધામ રે, ॥ ભુજમાં ભાવેથી ॥
સારી સભા કરે ઘનશ્યામ રે, ॥ ભુ૦ ॥ ૧ ॥
ત્યાં આવે પુરાણી પંડીત રે ॥ ભુ૦ ॥
જોઇ પ્રતાપ થાય થકિત રે. ॥ ભુ૦ ॥ ૨ ॥
એકદીન ફકીર ત્યાં આવ્યા રે ॥ ભુ૦ ॥
તેને હેતે હરિયે બોલાવ્યો રે. ॥ ભુ૦ ॥ ૩ ॥

વલી એમ પુછયું અવીનાશ રે ॥ ભુ૦ ॥
સાંઈ શું છે તમારી પાસ રે. ॥ ભુ૦ ॥ ૪ ॥
સુણી સાંઇ બોલ્યો જોડી હાથ રે ॥ ભુ૦ ॥
એતો કુરાનછે દીનાનાથ રે. ॥ ભુ૦ ॥ ૫ ॥
ત્યારે એમ બોલ્યા ભગવાન રે ॥ ભુ૦ ॥
આ બાલક ભણ્યો છે કુરાન રે. ॥ ભુ૦ ॥ ૬ ॥
એનું ખલ બલસા છે નામ રે ॥ ભુ૦ ॥
રામ રામ જપે આઠ જામે રે. ॥ ભુ૦ ॥ ૭ ॥
સુણી સાંઇ બોલ્યો તે ટાણે રે ॥ ભુ૦ ॥
એ ગભરૂ કુરાન કયાં જાણે રે. ॥ ભુ૦ ॥ ૮ ॥
પછી હરિએ એને કરી સાંન રે ॥ ભુ૦ ॥
તારે તુરત બોલ્યો તે કુરાન રે. ॥ ભુ૦ ॥ ૯ ॥
સુણી સાંઈ થયો ચકચુર રે ॥ ભુ૦ ॥
કહે આતો અલાનું નુર રે. ॥ ભુ૦ ॥ ૧૦ ॥
જાણી હરિને સર્વેના નાથ રે ॥ ભુ૦ ॥
નમ્યો વારંમવાર જોડી હાથ રે. ॥ ભુ૦ ॥ ૧૧ ॥
એવી લીલા કરી બહુ વાર રે ॥ ભુ૦ ॥
કહેતા શેષ પામે નહિ પાર રે. ॥ ભુ૦ ॥ ૧૨ ॥
જયાં નહાતા હરિવર દહાડી રે ॥ ભુ૦ ॥
ત્યાં કરી નવી ફુલ વાડી રે. ॥ ભુ૦ ॥ ૧૩ ॥
વલી વડ હતો જેહ ઠામ રે ॥ ભુ૦ ॥
કરી છત્રી ત્યાં શોભા ધામ રે. ॥ ભુ૦ ॥ ૧૪ ॥
જુની વાડીની જગ્યા માંય રે ॥ ભુ૦ ॥

બહુ વાર બેઠા હરિ ત્યાંય રે. ॥ જુ૦ ॥ ૧૫ ॥
જ્યારે જાતા માંન કુવે ગામ રે ॥ જુ૦ ॥
ત્યારે ત્યાં બેસે જઇ શામ રે. ॥ જુ૦ ॥ ૧૬ ॥
હરિજન વળાવવા આવે રે ॥ જુ૦ ॥
બહુ પેંડાને બરફી લાવે રે. ॥ જુ૦ ॥ ૧૭ ॥
તેહ જમી ત્યાં જદુનાથ રે ॥ જુ૦ ॥
આપે સૌને પ્રસાદી હાથ રે. ॥ જુ૦ ॥ ૧૮ ॥
ત્યાં છત્રી કરી વીરે પાસે રે ॥ જુ૦ ॥
અતી ઉમંગે અચ્યુત દાસ રે. ॥ જુ૦ ॥ ૧૯ ॥
પછી ત્યાંથી ઉઠે અવિનાશ રે ॥ જુ૦ ॥
ચાલે સેવલાવવા દાસ રે. ॥ જુ૦ ॥ ૨૦ ॥
આગે આવે લીંબ બે ભારી રે ॥ જુ૦ ॥
જેની ઘેરી છાયા અતી સારી રે. ॥ જુ૦ ॥ ૨૧ ॥
તેને હેઠે બેસે અવીનાસ રે ॥ જુ૦ ॥
હરિજન બેસે સઉ પાસ રે. ॥ જુ૦ ॥ ૨૨ ॥
કરી વાત ધીરજ દઇ હરી રે ॥ જુ૦ ॥
સૌને પાછા વાલે પ્રિત કરી રે. ॥ જુ૦ ॥ ૨૩ ॥
ભક્ત ત્રિકમજી જેનું નામ રે ॥ જુ૦ ॥
કરી છત્રી તેણે તેહ ઠાંમ રે. ॥ જુ૦ ॥ ૨૪ ॥
જણુસાલી તલાવડી કૈયે રે ॥ જુ૦ ॥
તેના મહિમાનો પારન લહયી રે. ॥ જુ૦ ॥ ૨૫ ॥
તેમાં નાહયા હરિ બહુ વાર રે ॥ જુ૦ ॥
તેને કહેતાં આવે નહિ પાર રે. ॥ જુ૦ ॥ ૨૬ ॥
વલી ત્યાં બેસીને દયાલ રે ॥ જુ૦ ॥

બહુવાર જમયા હરિ થાલ રે. ॥ ભુ૦ ॥ ૨૭ ॥
જ્યાં બેસી જમ્યા ગીરધારી રે ॥ ભુ૦ ॥
ત્યાં કરી છે છત્રી સારી રે. ॥ ભુ૦ ॥ ૨૮ ॥
જ્યાં નાહતા નિત્યે નરનાર રે ॥ ભુ૦ ॥
ત્યાં બાંધ્યો છે સુંદર ઘાટ રે. ॥ ભુ૦ ॥ ૨૯ ॥
ઘાટ બંધાવ્યો દેઇ જેણે દામ રે ॥ ભુ૦ ॥
જણુ સાલી ટોપણ તેનું નામ રે. ॥ ભુ૦ ॥ ૩૦ ॥
જેમાં નાહ્યા જઇ અવીનાશ રે ॥ ભુ૦ ॥
તેમાં સર્વે તિરથનો વાસ રે. ॥ ભુ૦ ॥ ૩૧ ॥
માટે મોટું તિરથએ જાણો રે ॥ ભુ૦ ॥
સાચી પ્રતિત ઉરમાં આણો રે. ॥ ભુ૦ ॥ ૩૨ ॥
મારી મતિ તણે અનુસાર રે ॥ ભુ૦ ॥
ગાયા ગરબા કરીને પ્યાર રે. ॥ ભુ૦ ॥ ૩૩ ॥
જેહ ગાસે ગરબા ભાવ ધરી રે ॥ ભુ૦ ॥
વલી સાંભળશે પ્રીત કરી રે. ॥ ભુ૦ ॥ ૩૪ ॥
તેના ઉપર રાજી હરિ થાય રે ॥ ભુ૦ ॥
દાસ બદ્રીનાથ એમ ગાય રે. ॥ ભુ૦ ॥ ૩૫ ॥

અથ સાર સંગ્રહ.

અર્થ—સત્સંગીઓના કલ્યાણ માટે શ્રીજી મહારાજ શીક્ષા પત્રિમાં કહે છે જે ભગવાનના મંદીરમાં નીત્યે સાયંકાળે જઈ ભગવાનનું ઉંચે સ્વરે નામ કીરતન કરવું તે પણ દેહરૂપને ભુલી જીવાત્માને બ્રહ્મરૂપ માનીને કરવું જે અક્ષર બ્રહ્મરૂપમાં દીવ્યાકાર સ્વતંત્ર ઐશ્વર્યવાળા શ્રી કૃષ્ણ

પુરૂષોતમ નારાયણ છે તે મનુષ્યાકાર સ્વામીનારાયણ થયા છે તેમનાં જન્મ કર્મ દિવ્ય છે માટે બે રૂપને એક જાણી ભજન આજ્ઞામાં રહીને કરવું તે આજ્ઞા શીક્ષા પત્રિમાં ને સાયંકાળે સ્તુતીમાં બોલાય છે એક તો જીવની હીંસા ન કરવી બીજું પરસ્ત્રીનો સંગ ન કરવો ત્રીજું માંસ ન ખાવું ચોથું દારૂ ન પીવો પાંચમું વીધવાને ન અડવું છઠું આત્મઘાત ન કરવો સાતમું ચોરી ન કરવી આઠમું કોઇને માથે કલંક ન દેવું નવમું કોઈ દેવની નીંદા ન કરવી. દસમું ન ખપતું ન ખાવું અગીઆરમું પ્રભુના ભક્ત વિના બીજાના મોઢાની કથા ન સાંભળવી ને એ અગીઆર નીમ પાળી સાધુનો સમાગમ કરી સત્સંગના પુસ્તક સાંભળવા વાંચવાથી સત્સંગ વધશે ને પાકા સત્સંગી થવાશે ત્યારે કોઇના પાડયા નહિ પડો ને ધુતારા ઠગારા ભુવા ભવાયા મેલડી સીકોતરાં દેરા છોરા કામણટુમણ જાદુ વીગેરે માયામાં નહિ લેવાઓ જેમ નોલીયાને નોલવેલ સુંઘવાથી સર્પનું ઝેર નથી ચડતું તેમ બ્રહ્મરૂપ સંતના સમાગમથી માયાનો સંગ ન લાગવાથી બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મને ભજી ભાગવતી દેહ મળે છે. નારદજીની પેઠે, માટે દિવ્ય સાકાર થવા સારૂ મુરતી માન, તેજના મંડળમાં રહેલ પ્રભુને જાણી ધ્યાન ભજન કરવું. વેલુ જાગી મહા પ્રભુને મહા મુકતોને સંભારી સ્નાનાદીક દેહ ક્રિયા કરી મંદીરમાં જઇ તીલક કરી સાવધાન થઇ માનસી પુજા કરવી પછી મુરતી પધરાવીને કહેવું જે હે પ્રભુ તમારા સ્થાનથી આ મુરતીમાં પધારો હું તમારી પુજા કરૂં છું.

એમ કહેવું તે આવાહન કેવાય ને પુજા કર્યા કેડે કેવું જે તમારા સ્થાનકે પધારો એ વીસરજન કરી સીક્ષા પત્રી વિગેરેનો પાઠ કરી સાધુનો સમાગમ બે વખત બબ્બે ઘડી કરીને જમવું પછે વ્યવહારીક કામ કરવું તે પણ પ્રભુને સંભારી કરવાથી જગતની વાસના ઘટે ને પ્રભુની વધે તેથી કાળ માયા વિગેરેનો ભય મટે કંઈ કસર હોય તો તેને પ્રભુ દંડ દે પણ બીજાનો હુકમ નહી રાજાના કુંવરની પેઠે એવા ભક્તને પ્રભુ પાસે એમ માગવું જે એક તો ઉત્તમ નીરવીકલ્પ નીચે આપો બીજું માહાત્મજ્ઞાને સહિત ભક્તિ આપો બીજું તમારો ને તમારા ભક્તનો દ્રોહ કદી ન થાય ચોથું તમારા ભક્ત પણામાં મારે કોઇ પ્રકારે દોષ ન રહે પાંચમું તમારા એકાંતિકનો સંગ આપો છઠું નીરંતર દરસન આપો સાતમું સદા પાસે રાખજો તે આપની સેવા આપજો. આ વિના બીજું માઇક સ્ત્રી ધનાદીક ન માગવું તે તો વગર માગ્યું દુખની પેઠે મળે છે. માગવું તે તો વધારાનું છે માઇક સુખ પ્રભુ પાકા ભક્તની પરિક્ષા જોવા ચારૂ આપે તો પણ તેમાં ન બંધાવું પ્રહ્લાદની પેઠે બાળકપણાથી પ્રભુને ભજ્યાનો અભ્યાસ રાખવાથી ચારે ચાર પુરૂષાર્થ મળે છે તેથી પ્રભુને સાધુની સારી પેઠે સેવા થાય છે અવગુણ સગાની પેઠે આવે નહિ ત્યારે જાણવું જે આપણું કલ્યાણ થયું પછી ગપોડીયાનો સંગ નહિ ગમે બીજાનું કલ્યાણ કરે એવા થવાશે માટે બીજાને બોધ કરવો તેમાં પ્રભુનો રાજીપો છે આ વાતમાં પ્રગટ પ્રભુ છે સાધુ છે શાસ્ત્ર છે કર્મ જોગ છે. જ્ઞાન જોગ છે ભક્તિ જોગ છે તેથી

સર્વોપરી છે. આનો નીરંતર સંગ રાખનાર નીત્ય મુક્ત છે તેવા મુકત થવા સારૂં વાચી સાંભલી સમજી તે પ્રમાણે વરતવાથી મહા મુકત થવાશે એમ અનાદી મુક્તનું કેવું છે જે વાત કરે તેમાં આ વાતનું બીજ લાવવું શ્રીજીએ સર્વોપરી ઉપાસના પ્રવરતાવી છે ને સર્વોપરી ત્યાગી ગૃહીના નીયમ રૂપ આજ્ઞા પ્રવર્તવી છે જેથી સર્વોપરી કલ્યાણ થાય છે કોઇ વાતે કસર રેવા દીધી નથી તેમાં કેટલાક કસર રહી એમ કહીને લોકોને ભરમાવે છે તેને કસરવાળા જાણી સંગ તજી દેવો કેમ જે તેને શ્રીજીનો સર્વોપરી નીચે નથી, નહિ તો તેમ બોલેજ નહી. જુકતીએ ખંડન કરનારને એમ જાણવાને પ્રભુની વાત વિના બીજી વાતમાં ખોટી ન થાવું ને એ વાર જેવી વાતુ વ્યવહારમાં કરવા સાંભલવાની ઘણી છે તેમાં પણ ખરા ભકત ખોટી નથી થાતા મંદીરમાં એવી વાત કેમ થાય સંભળાય, જો મંદીરને તીરથ જાણ્યું હોય તો ॥ શ્લોક ॥ અન્ય ક્ષેત્રે કૃત પાપં ॥ તીર્થ ક્ષેત્રે વિનશ્યતિ ॥ તીર્થ ક્ષેત્રે કૃતપાપં ॥ વજ લેપો ભવિષ્યતિ. ॥ પ્રકળોખલુ ભવિસંતિ નારાયણ ॥ પરાયણા એ વ્યાસજીનાં વચન સત્ય કરવા સારૂ આજ હળાહળ કળીમાં શ્રીજી મહારાજ અક્ષરાદી ધામને ધામીયોને મુકતોને સાથે લઇને પૃથ્વી ઉપર પધાર્યા તેમની સત્તા સામર્થ્ય ચમત્કાર ગ્રન્થોમાં લખાણી છે તેવાના દરસન ઉપદેશાદીથી થોડા દિવસમાં સર્વ વર્ણાશ્રમના જનો પોતાના મતનો ત્યાગ કરી શ્રીજીને શરણે થયા ને સબુદ્ધિથી વિશ્વાસ રાખી આજ્ઞામાં રહી ભજન કરી ધામમાં જાય છે માટે તેમની આજ્ઞા ઉપાસના વધારવા

સારૂ સ્ત્રી દ્રવ્યના ત્યાગી ધર્માદી અંગવાળા એક સ્વીતી વાળા સાધુનો સંગ કરવો જેથી પરમ સુખ થાય પણ ઠાવીણાનો સંગ ન કરવો કેમ જે દુર્લભ મનુષ્ય દેહ તેવાને સંગે વ્યવહાર કે વીષયમાં વ્યર્થ જાય. સત જુગમાં નૃંસિંહાદી અવતાર થયા તેનો ક્રોધ જોઇ પ્રહ્લાદ વિના લક્ષ્મી બ્રહ્માદી કોઇ પાસે ન ગયા. ત્રેતામાં રામચંદ્રજી થયા તે અગીયાર હજાર વરસ સુધી રહ્યા પણ રાજા ઋષીયે ન જાણ્યા દ્વાપરમાં કૃષ્ણચંદ્ર થયા પણ પાસે આવા સાધુ નહી તે પોતે કેટલે દાખડે એક ઉદ્ધવજીને ઘર મેલાવી બદ્રીકાશ્રમમાં મોકલ્યા અાજતો સંત હરીજનને વચમે ચાલી નીકળે છે તે અક્ષરમાં જાય છે માટે મુરતીયુ સંતમાં પ્રગટ રહ્ય જાણે તેને પ્રભુ પ્રગટ છે પોતાના નામ વાળીને ભક્તોને દર્શન કરાવે સ્રમાં પોતેજ છે શીક્ષા પત્રી પોતે છે વિલાસત લગી પ્રવર્તાવી છે તે પ્રમાણે રાજ કર્તાની ને રાજ્યની સ્થિતી વધતી જાય છે તેમ શ્રીજીની બાંધેલ પૃથારિતી મર્યાદામા રેછે તેના ઉપર પ્રભુ રાજી થાય છે જે તમો અમારો દાખડો સુફળ કરો છે ને તેથી ઐશ્વર્ય મળે તો છકવું નહિ ગરીબતાથી અપુર્ણ માનવું નહી તથા આજ આપણે જેવો જોગ મળ્યો છે તેવો આગળ નહોતો શ્રીજીના વખતમાં શ્રીજી વિના આશરો કે આધાર નહોતો ને આજના જેવા સ્થાનક કે શાસ્ત્ર નહોતાં તથા આજતો સોલડીના મધ્ય ભાગ જેવા વખતમાં સુખે પ્રભુ ભજીયે તેમ છે માટે આ વખતે ફેલ ફતુ મેલાવીને શરણે લીધા છે તે સર્વે હળીમળી શ્રીહરીની કથા વાર્તાનું શ્રવણ, મનન, નિદિ

ધાસ ક્રણરૂપી ચારાથી મુસ્તી રૂપી માળામાં વીરામ કરવો, પ્રભુ ભજવાનો આગ્રહ ઘણો રાખવો તથા દેહનો નિરધાર નથી ને સત્સંગમાં કેટલાક પ્રભુ ભજી કસર ટાળી ધામમાં જાય છે ને કેટલાક આવા જોગમાં અધુરૂ મુકી જાય છે તેનો પસ્તાવો ઘણો થાય છે તે શા કામ આવે તથા આગળ કોઇને નહીં મળેલ એવો જોગ મળે છે તો પણ જીવને ગાફલઈ રહી જાય છે ઘણી, ને આંખ ઉઘડતી નથી ત્યારે તેને દીર્ઘ રોગ મેલી જાગ્રત કરે છે ત્યારે થોડા દીવસ ખટકારે છે ત્યારે પ્રભુ ભજે છે માટે દુઃખ આવે તો સુખ માનવું દુઃખ જેવો કોઇ ગુરૂ નથી તથા સુખે સાંભરે સંસાર દુઃખે સાંભરે મોરારને મહારાજ કહે જે મુક્તાનંદ સ્વામીને ક્ષય થયો છે તે સારૂં સારૂં કાંઈ ખાવા દેતો નથી જાણુ રોગ રૂપી સદ્ગુરૂના સંગથી વૈરાગ્ય પામી પ્રભુના સંતથી તથા પ્રભુને સંતનો મહિમા જાણી અખંડ અનુવૃત્તિ પ્રભુમાં રે જે જેના જોગથી (પ્ર, ૬૬) માઇક અમાઇક થાય તથા રથાદી પેઠે સોનાની પેઠે બીજી ધાતુ શુદ્ધ ભેગે શુદ્ધ થાય ને પ્રભુનું સામર્થ્યાદી જાણે તેટલુ આવે તો પણ પ્રભુનું તો અપાર છે તથા ચાકર કરતાં ચક્રવર્તીની પેઠે પ્ર. ૬૩ માં કહ્યું છે એવા મહા પ્રભુ સ્વામી નારાયણ છે તથા એમનાં નામ વા વિષેષણ જે પરીબ્રહ્મ પુરૂષોત્તમ શ્રી કૃષ્ન નારાયણ વાસુદેવ સચ્ચીદાનંદ અનાદી નિત્ય મુક્ત પરમેશ્વર ભગવાન વિગેરે તે બીજાનાં તો તે મહા પ્રભુના સબંધથી સેરખાની પેઠે છે અક્ષર બ્રહ્મને અક્ષર પુરૂષ તે મુક્ત કોટી કહેવાય (મહા પુરૂષને મહા મુક્ત તે બ્રહ્મ કોટી કેવાય) ને પ્રધાન

પુરૂષાદી માયા સબલીત બ્રહ્મ તે ઈશ્વર કોટી કેવાય ને ઈંદ્રાદી ને મનુષ્ય તે જીવ કોટી કેવાય ને ઉપાસ્યને ઉપાસકના મ-હાત્મ્ય જાણ્યાની તારતમ્યતાયે કરી નીશ્ચેમાં ભેદ છે તથા નીર્વીકલ્પમાં આત્માદિ અભિમાનથી એક રસ્તે પુજને આ-ત્મા બ્રહ્મ અક્ષર કેવાય ને તેમાં રહેલ મહા પ્રભુને આત્માનું તત્વ કેવાય પરબ્રહ્મ કેવાય પુરૂષોત્તમ કેવાય તેવા મ. પ્ર. ૧૩ માં છે ને શ્રીજી મહારાજ કહે છે. હું ત્યાં બેઠો બોલું છું. તથા તમે સહુ ત્યાં બેઠા છો એમ હું દેખુછું તે સ્વરૂપને તમે સમજશો ત્યારે કોઇ વાતે વાંધો નહિ રહે ને તે વિના તો ગમે તેટલું કરશો પણ વાંધો ભાંગશે નહી એવી નીષ્ટા-વાળો ઉત્તમ ને અક્ષર રૂપ થઇ ભજે અક્ષરાતીતનેરે ને બ્રહ્મરૂપ થઇ પરબ્રહ્મને ભજે તે મધ્યમ કેવાય ને આત્મારૂપ થઇ પરમાત્માને ભજે તે કનિષ્ટ કહેવાય ને સવીકલ્પ પ્રધાન પુરૂષ જેવા મહા પ્રભુને જાણી ભજે તે ઉત્તમ કહેવાય ને વેરાજ જેવા જાણી મહા પ્રભુને ભજે તે મધ્યમ કહેવાય ને એ ભેદ દેહાભિમાનની તારતમ્યતાથી કેવાય છે માટે વિશ્નુ જેવા જાણી ભજે તે કનિષ્ટ કેવાય જેવી સમજણથી ભજે તેવો થાય વાસ્તે એમ સમજવું જે જે મોટા પ્રભુની આજ્ઞા પાળે છે તો મારે પાળવી જોઇએ એમ સમજવાથી ધર્મ આવે ને આજ્ઞા પળે પ્રભુને નિર્વિકાર જાણે તો જ્ઞાન આવે તો પ્રભુને સર્વથી અધીક જાણે ને આ લોકાદીથી પ્રભુનું સુખ અધીક છે એમ જાણે તો વૈરાગ્ય આવે તો કંઇ ન બંધાય ને અક્ષરાદી મુકત પ્રભુને ભજે છે તો મારે ભજવા જોઇએ તો ભકિત આવે તો પ્રભુને અનુસરી રેવાય વળી હરીબળ

ગીતામાંને પુરૂષોતમ પ્રકાશમાં કહેલ જેવો પ્રભુને ભકતોનો મહિમા જાણ્યાથી એ ધર્માદિચાર સિદ્ધ થાય છે ને શિક્ષા પત્રિને વચન વિધિમાં કહેલ જેવી આજ્ઞામાં રેવાથી છતે દેહે અક્ષર ધામના મુકત જવા સુખી રેવાય ને તેજ છતાં રૂપ કેવાય ને આવાના જોગથી આઠે પહોર અહો નીસ ઐશ્વર્ય જેવું રહેને ઘણી પ્રકારની ઘાંટીયું છે તે જાણવી તથા ઘણા પ્રકારના ભકતોને જાણવાને દેહાદિમાંથી પ્રિતી તોડીને આત્માદીમાં કરવી તથા મુકતોના ભેદ જાણવાને હરીજનાદીના સંગથી હરીજન તથા સંતના સંગથી પ્રભુના સાધર્મ્ય પણા ને પમાય છે ને હરી ભજનથી છોટા હોય તે સૌથી મોટા થાય છે તો બીજાનો સંગ પ્રભુ ભજાવે તેટલો કરવો પણ પ્રભુ સરખો મહીમા કહીને પ્રભુનું આચરણ કરનારનો સંગ ન કરવો નીર્લોભાદી નિયમ ને પ્રભુમાં પ્રેમવાળાનો સમાગમ કરવાથી માઇક રાગ ટલશે પણ લોક વ્યવહારે કેવાતા મોટાના સંગથી નહિ ટળે સાકર કોળાને વડના દ્રસ્ટાંતથી જાણવુ ને મોટાના સમાગમમાં રહેલ વૃદ્ધાવસ્થાને પામેલ રોગાથી અસમર્થ થયેલનો ખાધે પીધે વસ્ત્ર પથારી વાહનાદીનો વાદ જવાન મજબુત ત્યાગીને ન લેવો તથા માંદાની રૂચી પ્રમાણે સેવા કરવાથી પ્રભુ રાજી થાય છે સત્પુરૂષ કે શાસ્ત્ર એજ પ્રભુ રાજી થયા જાણી પ્રભુથી આવ્રક કે બરોબર કોઇને ન જાણવા ને પ્રભુ વિના બીજાનું ધ્યાન પતિવ્રુતાની ટેકવાળે ન કરવું (લો. ૧૧ મું) (છે–૧૬ મું વચનામૃત અને મ. ૧૯ મું અને લો. ૧૩ મું.) પ્રભુને અને ભક્તને સરખો કહે, તે દુષ્ટ છે એમ કહ્યું છે. છે. પ્ર. ૩૯

માં એમજ કહ્યુ છે એ જે વાતો એ એકજ છે લો. ૧૮ મ. માં ભગવાનના ભક્તને દિવ્ય જાણવા એમ કહ્યું છે. પ્ર. પ્ર. ૭૧ મા માં છેહ્ડે બાકી પ્રભુના ભકતોને મનુષ્ય જેવાં મા-યીક ન જાણવા અલૌકીક દૃષ્ટીવાળા અમાયીક દિવ્ય દેખે છે ને મુઢને બહાર-વૃત્તિને દોષે કરી મનુષ્ય જેવા જાણે છે તે સા. ૧૭ મા માં માયારૂપ અંતરાય ટળીને પ્રભુને સમીપે થાય તેમ સુખાદી વધે છે ને સર્વોપરી પ્રભુના સાધર્મ્ય પણાને પામેલનો મહિમા કે છે પ્રભુ સાથે આવેલ સંતના સમાગમો કરી પ્ર. પ્ર. ૫૧ માં કહેલ મહિમા જાણનારા ઇંદ્રિય અંતઃકરણ પુરૂષોત્તમરૂપ થાય છે. પ્ર. પ્ર. ૨૭ મા માં કહેલ એવી સમજણ વાળાના ઈંદ્રિય અંતઃકરણમાં પ્રભુ રહ્યા છે પ્ર. પ્ર. ૨૩ મા માં કયેલ આત્માદી સ્થિતિ વાળાને વખાણે છે ને મ. પ્ર. ૧૭ માં સ્થિતિ પ્રજ્ઞ પણ તે છે ને છે. પ્ર. ૨૪ મા માં કહ્યું સોળ સાધનવાળા અક્ષરાતીતની સેવા-માં રે છે. મહા પ્રભુના વચનથી અધીક ન વર્તે તથા ઓછું પણ ન વર્તે તે સત્સંગમાંથી ન પડે તથા છેલ્લી બાકી બા-ઇઓ ભકતનું મહાત્મ્ય ઝાઝુ ભાઇઓએ ન જાણવું તેમ બાઇઓએ પણ ભાઇઓનું ન જાણવું તે સ્વપ્નમાં આવવા-થી વિઘ્ન થાય છે, માટે ને છે. પ્ર. ૧૪ મા માં ધર્માદી ચાર તીવ્ર વાળાને કાંઇ કસર જેવું જણાય તે કેવળ ધ્યાને બહાર વૃત્તીથી કેટલાકને જડ ભરતને શુકજી જેવા કરી દે છે તે ઇશ્વર મુર્તી પોતે છે, છે. પ્ર. ૬૫ માં કહ્યું છે જે છ લક્ષણે જુકત સાધુની સેવાથી પ્રભુની સેવા થાય છે.

॥ ઇતિ આત્યંતિક મોક્ષ રોજપાઠ કથન સારસંગ્રહ સમાપ્ત. ॥

અંગુઠડી શ્રી સ્વામીનારાયણ નમો નમઃ

દીયેરજી દૂરના ફરશો વાલમજી વાર ના કરશો આપો મારી અંગુઠડી એમાં હીરો એક જડેલો કીમત વારો કોડ અંગુઠી કોઈ અંનના આવે જગમાં એની જોડ રે ॥ દીયેરજી દૂરના ફરશો વાલમજી વાર ના કરશો આપો મારી અંગુઠડી ॥ હવે હઠીલા હઠ કરશો તો બહુ ખીજાશે આપો જક જાજી-નવ કરો સમજીને શામ અંગુઠી આપોરે ॥ દીયેરજી દૂરના ફ-રશો વાલમજી વારના કરશો આપો મારી અંગુઠડી ॥ વઢશે ભાઇ તમારા માટે ખોલો મુઠી શાણા સરણ પણેથી આપો એ મારી અંગુઠી રે ॥ દીયેરજી દૂર ના ફરશો વાલમજી વાર ના કરશો આપો મારી અંગુઠડી ॥ આજ થકી ઘનશામ તમે જો આવો કરશો અન્યા ચોરીનો મુક્દો શીર ઠરશે નહીં કોઇ આપે કન્યારે દીયેર૦ ॥ વાલમ રહેશો ભવ આખો બ્રહ્મચારી ગૃહસ્થની ગણતીમાં તમને ગણશે નહી સંસારી રે ॥ દીયેરજી દૂર ના ફરશો વાલમજી વાર ના કરશો આપો મારી અં-ગુઠડી ॥ લક્ષણવંતા લાલ થશો તો કન્યા કયાંથી મલશે ઘર મુકી ઘનશાંમ પછી તો વનમાં ફરવું પડશે રે ॥ દીયેરજી દૂર ના ફરશો વાલમજી વાર ના કરશો આપો મારી અંગુ-ઠડી ॥ આપો શ્રી ઘનશામ અંગુઠડી અવીનાશી અવીકારી બ-દન કમળ પર પ્રીત કરી જગદીશાનંદ બલીહારી રે ॥ દીયેરજી દૂર ના ફરશો વાલમજી વાર ના કરશો આપો મારી અંગુઠડી ॥

કીરતન થાળનું. (૧)

જમે નરનારાયણ દેવ. પીરસે બ્રહ્મચારી, ભોજન ભર્યાં કંચન થાળ જમુનાં જલઝારી. જમે. ટેક. ૧ લાડુ લાપસી સીરો સેવૈયા, પુરીને દુધપાકરે. મગજ મૈસુબ, બીરંજ બાસુદી; શીખંડ સુંદર શાક પીરસે બ્રહ્મચારી જમેરે. ૨ કેરી કોળાં કરીયાં પરવર ઘીમાં તળીયાંરે, વાલા પરવર ઘીમાં તળીયાંરે; અળવી રતાળુ સુરણ શકરીયાં, કરી કટોરાં ભરીયાં, પીરસે બ્રહ્મચારી. જમે. ૩ અથાણાં અલબેલા જમજો કેરી કેરાં આદુરે, વાલા કેરી કેરાં આદુરે; લીલી હુરદળ મરચાં ભેંડા, લીંબુ થયાં સ્વાદુ પીરસે બ્રહ્મચારી. જમે. ૪ ભજીયાં વડાં પાપડ ને પુડલી રાઇતાં રસાલરે, વાલા રાઈતાં રસાળરે; કુર કમોદનો પ્રેમે પીરસ્યો, કઢીને ફુટી દાળ; પીરસે બ્રહ્મચારી. જમે. ૫ ભાત દુધ તમને ભાવે તો, માવા મીસરી લેજોરે; ખાટું ખારૂ મોળુ હોયતો, મોહન મુજને કહેજયો, પીરસે બ્રહ્મચારી. જમે. ૬ હસ્તપખાળી આચમન કરી કે, બીડી લ્યો મુખવાસરે વાલા; બીડી લ્યો મુખવાસરે. ચરણ કમળની સેવા સોંપો, કહે એમ પ્રભુદાસ; પીરસે બ્રહ્મચારી. જમે. ૭

થાળ કીરતન. (૨)

ભોજન મન ભાવતાં લ્યો માવા. ટેક.
તમે છો ભક્તીના લાલા, શાકર માખણ ઉપર વાલા, હાંરે મેં તો જોઇરે મેં તો જોઈ છબીલા તારી ચાલરે ભોજન મન ભાવતાં લ્યો માવા. ૧ મદ મેવા પકવાન મિઠાઈ, રસોઇમાં તો સુખડી સારી; હાં રે નહિ નાણું રે નહિ નાણું, પડે

જદુરાયસે ભોજન મન ભાવતાં હયો માવા. ૨ કરી જલેબી ઘેબર ઘીનાં, કંચન પાત્ર ભર્યાં બરફીના, હાં રે અમૃત ભોજનરે, અમૃત ભોજન સૌ મીસરીનાં, ભોજન મન ભાવતાં હયો માવા. ૩ સુરણ રતાળું તરયાં તેવાં, સુંદીર બહુ બન્યા એવાં હાં રે ગીરધર ગોઠેરે; ગીરધર ગોઠે, તે માગીને લેવાં રે, ભોજન મન ભાવતાં હયો માવા. ૪ જલ જમુનાની ભરી છે જારી, મુખવાસ કીજે લવીંગ સોપારી; હાં રે આચમન લીજેરે, આચમન લીજે તે સુભ મંગલકારીરે, ભોજન મન ભાવતાં હયો માવા. ૫ હીરા મોતી હેમ ઘરેણાં, પ્રેમે પહેરી હયો પટ ઝીણાં; હાંરે રસીક હરીયા, રે રસીક હરીયા તે મુજબલ નેણાંરે, ભોજન મન ભાવતાં. ૬ પ્રેમાનંદનો સ્વામી મલીયા. હેતે પ્રીતે અહળક હલીયા; હાંરે મારા તનના તે તાપ સર્વે ટળીયારે, ભોજન મન ભાવતાં હયો માવા. ૭

પદ ૩ જું.

શ્રીજી મહારાજ માગું શરણું તમારૂં, શરણુ તમારૂ વાલા શરણું તમારૂં; શ્રીજી મહારાજ માગું શરણું તમારૂ ટેક. ૧ અખંડ સત્તા મોરારી આપે થયાં છો અવતારી, મનુશ્ય લીલા બતાવી; ગુણ સા ઉચ્ચારૂ, ગુણ શા ઉચારૂ વાલા. ગુણ સા ઉચ્ચારૂ, શ્રીજી મહારાજ માગુ સરણું તમારૂ ૨ રામરૂપે રાવણ માર્યો; કૃષ્ણ કંસને સંહાર્યો, થયા સહજાનંદ સ્વામી અધમ ઉધારવાને, અધમ ઉધારવાને, અધમ ઉધારવાને શ્રીજી મહારાજ માગુ શરણું તમારૂ. ૩ દુર્યોધનના મેવા ત્યાગી,

વિદુર ઘરે ભાજી માગી;સુદામાંનાં તાંદુલ આરોગ્યાં. ભુખ તેની ભાગી, ભુખ તેની ભાગી વાલા ભુખ તેની ભાગી; શ્રીજી મહારાજ માગું શરણું તમારૂ. ૪ ગઢડું ગોકુલ સમ કીધુ, ઘેલા નીર પોતે પીધું; દાદાખાચરને દીધુ મોક્ષ પદ પ્યારૂં, મોક્ષ પદ પ્યારૂં. વાલા મોક્ષ પદ પ્યારૂં શ્રીજી.૫ ભગવત સુત કહે છે પ્રીતે, શાદ્ય થાઓ રૂડી રીતે; ભવજળ તરવા નાવ સારૂ, નામ તમારૂ નામ તમારૂ વાલા નામ તમારૂં. શ્રીજીમહારાજ માગું શરણું તમારૂ, ૬

પદ ૪ થું.

જોયા શ્રી ધર્મકુમાર ચતુરવર જોયા શ્રી ધર્મકુમાર, પ્રીતમ પ્રાણ આધાર; ચતુરવર જોયા શ્રી ધર્મકુમાર. ટેક. લક્ષમીબાગમાં વાલો બીરાજે, સાથે મુક્ત અપાર; ચતુરવર જોયા શ્રીધર્મકુમાર. ૧ ચતુરવર જોયા શ્રીધર્મકુમાર. પાઘ ઝુકીવામ પાઘપેચાળી, છોગુ મુગટ અનુસાર; ચતુરવર. ૨ આંબાના વૃક્ષ નીચે શ્રીહરી બેઠા, મુક્ત સભા મોઝાર. ચતુરવર. ૩ પેર્યા સુંદીર સુરવાલ સોનેરી, રૂપેરી બુટ્ટાદાર. ચતુર. ૪ રેશમી કરમા રૂમાલ બીરાજે, કંઠે હજારી હાર. ચતુર. ૫ અંગોઅંગ ભૂષણ સોભે ભારે ભભકાદાર. ચતુરવર. ૬ વિશ્વ વિહાળીની છબી નીરખી, પુરણ ઉપજે પ્યાર. ચતુરવર ॥ ૭ ॥

—:o:—

વિશેષ વચનામૃત.

॥ સંવત્ ૧૮૭૬ ના પોસ વદિ ૧ પડવાને દિવસ સાંઝને સમે શ્રીજિમહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવ નારાયણના મંદિરની હારચે ઉત્તરાંદેવારચ ઓરડો છે તેની ઓસરિયે ઢોલિયા ઉપરચ વિરાજમાંન હતા ને ધોલો ખેસ પેર્યો હતો ને ધોલિ ચાદર ઓઢી હતી ને માથે ધોલો ફેંટો બાંધ્યો હતો ને ધોલા પુષ્પના હાર પેર્યા હતા ને બે કાનને વિષે ધોલા પુષ્પના ગુછ ખોશા હતા ને પાઘને વિષે ધોલા પુષ્પના તોરા લટકતા હતા ને ધોલા પુષ્પના બેરખા પેર્યા હતા ને પોતાના મુખારવિંદની આગલ્ય મુની તથા દેશ દેશના હરિભકતની સભા ભરાઇને બેઠી હતી ને મુનિ મંડલ કીર્ત્તન ગાતા હતા પછે શ્રીજીમહારાજ બોલ્યા જે હવે તો પ્રશ્ન ઉત્તર કરો તારે શ્રીજીમહારાજ પ્રત્યે દીનાનાથ ભટે પુછ્યું જે હે મહારાજ કોઇક સમે તો હજારૂં ઘાટ થાય પણ તેનો મનને વિષે ડંસ બેસે નહિ અને કોઇક સમે તો અલ્પ ઘાટ થાય તેનો પણ મનને વિષે ડંસ બેસે છે તેનું કારણ શું છે અને ભગવાનના ભકતને એ મનના ઘાટની નિવૃત્તિ થયાનો ઉપાય શો છે તારે શ્રીજીમહારાજ બોલ્યા જે એનું કારણ તો ગુણ છે તે જ્યારે તમો ગુણ પ્રધાન હોય ને તેમાં ઘાટ થાય તારે સૂષુપ્તિ સરખી અવસ્થા રહેતી હોય માટે તેમાં ઘાટનો ડંસ બેસે નહિ અને જ્યારે સત્વગુણ વરતતો

હોય તારે પ્રકાશ જેવું વરતે ને તે સમે જે જે ઘ:ટ થાય તેને વિચ્યારે કરીને ખોટા કરિ નાખે માટે તે ઘાટનો પણ ડંસ બેસે નહિ અને જ્યારે રજોગુણ વરતે તારે જે ઘાટ થાય તેનો મનને વિષે ડંસ બેસે માટે ડંસ બેસે છે ને નથિ બેસતો તેનું કારણ તો ગુણ નિવૃત્તિ છે અને બુદ્ધિ-વાન હોય તો આ વાતને વિચ્યારિને જે સમે ઘાટ થાય તે સમે તે ઘાટ સામું જુઠું તો પોતામાં જે ગુણ પ્રધાન વરતતો હોય તેને ઓલખે અને ઘડિ ઘડિ પલ પલમા સૂક્ષ્મ ઘાટ થાય છે તે તો કોઈના ઓલખ્યામાં આવે નહિ ને તમ જેવા કોઈક બુદ્ધિવાન હોય તો આખા દિનમાં બે ત્રણ્ય ચ્યાર સ્થુલ ઘાટ થાય તે તેના ઓલખ્યામાં આવે અને જે ગુણુને પ્રધાન પણે પોતામાં ઘાટ થાતા હોય તે સાંમિ દ્રષ્ટિ રાખે અને સતસંગમાં જે ભગવાનનિ વાર્ત્તા થાય તેને ધાર્યા વિચાર્યા કરે તો આ સત્સંગનો પ્રતા: એવો છે જે જે ગુણુના ઘાટ થાતા હોય તે ઘાટીને તેને નિવૃત્તી થઈ જાય છે ને નિરૂત્થાન થઇને અખંડ પરમેશ્વે-રના સ્વરૂપનું ચિંતવન થાય છે અને સત્સંગ વિના તો બિજાં કોટિ સાધન કરે પણ તેને ઘાટનિ તથા રજોગુણ આદિક ગુણુનિ નિવૃત્તિ થાય નહિજ ને જો નિસ્કપટ પણે કરિને સત્સંગ કરે ને પરમેશ્વરની વાર્ત્તાને ધારે વિચ્યારે તોએ મલીન ઘાટનો નાશ થાય છે માટે સત્સંગનો પ્રતાપ તો અતિશે મોટો છે અને બિજાં સાધન છે તે કોઈ સ-

ત્સંગ તુલ્ય થ.ય નહિ કાંજે કોઈ સાધને કરીને જે ઘાટની નિવૃત્તિ નથી થાતી તેની નિવ્રતિ સત્સંગમાં થાય છે તે કારણુપણુા માટે જેને રજોગુણુ સંબંધિ મલિન ઘાટ ટાલવા હોય તેને મન કર્મ વચને નિસ્કપટ પણે સત્સંગ કરવો તો સત્સંગના પ્રતાપથિ એ ઘાટની નીવ્રતી થઈજાશે ।। ઇતિ વચનામૃતં ।। ૩૦ ।।

।। સંવત ૧૮૭૬ ના પોસ વદી ૩ ત્રીજને દિવસ પ્રભાત સમે શ્રીગઢડા મધ્યે શ્રીજીમહારાજ દાદાખાચરના દરબારમાં આથમણે બારય ઓરડાની ઓસરીયે ઢોલીયા ઉપર વિરાજમાન હતા ને ધોળો ખેશ પેર્યો હતો ને માથે ધોળી પાઘ બાંધી હતી ને ધોળી ચાદર ઓઢી હતી ને લલાટને વિષે કેસરની આડય કરી હતી ને ધોળા પુષ્પનો હાર પેર્યો હતો ને પાઘને વિષે ધોળા પુષ્પના તોરા લટકતા હતા ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશ દેશના હરીભકતની સભા ભરાઇને બેઠી હતી ને કીર્તન ગવાતાં હતાં પછે શ્રીજી મહારાજ બોલ્યા જે સાંભળો એક પ્રશ્ન કરીયે તારે મુનિ તથા હરિભકતે કહ્યું જે હે મહારાજ પુછો પછે શ્રીજીમહારાજ ઘણીકવાર સુધી વિચારીને બોલ્યા જે આ સંસારમાં જે વિષઇ જીવ હોય તે પંચ વિષય વિના રહી શકે નહી તે જેમ એ વિમુખ જીવને પંચ વિષય છે પણુ તેમાં ભેદ છે તે ભેદ કેમ છે તો વિષઈ જીવ તો ભગવાન વિના અન્ય જે ગ્રામ્ય વિષય તેને ભોગવે છે ને ભગવાનના ભક્ત છે તેને તો ભગવાનનિ કથા સાંભળવી તેજ શ્રોત્રનો વિષય છે અને

ભગવાનના ચરણારવિંદનો સ્પર્શ કરવો અથવા સંતના ચરણાની રજનો સ્પર્શ કરવો તે ત્વચાનો વિષય છે અને ભગવાનનાં અથવા સંત તેનાં દર્શન કરવાં તે નેત્રનો વિષય છે અને ભગવાનનો પ્રસાદ લેવો તથા ભગવાનના ગુણ ગાવા તે જીભનો વિષય છે અને ભગવાનને ચડયાં એવાં જે પુષ્પાદિક તેની સુગંધી લેવી તે ઘ્રાણનો વિષય છે એવી રીતે વિમુખને હરિભકતના વિષયમાં ભેદ છે અને એવી રિતના વિષય વિના તો હરિભકતે પણ રેવાતું નથી અને નારદ સનકાદિક મુકત છે તેણે પણ એવા પંચ વિષય વિના રેવાતું નથી તે સમાધિમાં ઘણા કાલ રહે છે પણ તે સમાધિમાંથી નિકલીને ભગવાનની કથા કિરતન શ્રવણાદિક વિષયને ભોગવે છે અને જેમ પક્ષી હોય તે પોતાના માલાને મુકીને ચરવા નિકલે છે તે ચારો કરીને રાત્રી સમે પોત પોતાના માલામાં જઇને વિરાંમ કરે છે પણ પોતપોતાના સ્થાનકને કોઇ દિવસ ભુલિને બિજાને સ્થાનકે જાતા નથી તેમ ભગવાનના ભકત છે તે ભગવાનની કથા કિર્ત્તન શ્રવણાદિક એવો જે ચારો તેને ચરીને પોતાનો માલો જે ભગવાનનું સ્વરૂપ તેમાં જઇને વિરામ કરે છે અને વલી પશુ પક્ષી સર્વે જીવ જેમ પોત પોતાનો ચારો કરીને પોતપોતાને સ્થાનકે જઇને વિરામ કરે છે તેમ મનુષ્ય પણ જે જે કારજ્ય હોય તેને અર્થે દેશ વિદેશ જાય છે પણ પોતાને ઘેર આવે છે તારે નિરાંત્ય કરીને બેસે છે એ સર્વ દ્રષ્ટાંત્ત સિદ્ધાંત કહ્યા તે ઉપરય તમે સર્વહરિભકતને અમે પ્રશ્ન પુછિયે છૈયે જે જેમ વિમુખ જીવ ગ્રામ્ય પંચ વિષયમાં બંધાણા છે ને તે વિષય વિના પલ માત્ર

માલતું નથી તેમ તમે ભગવાનની કથા વાર્તાનું જે શ્રવ-
ણાદિક તે રૂપિ જે વિષય તેમાં દૃઢપણે બંધાઇને એના
વિષય થયા છોકે નહિ અને વલી જે બિજું પ્રશ્ન પુછિયે
છઇયે જે જેમ પક્ષી ચારો કરીને પોતાના માલામાં આવે છે
તેમ તમે સર્વે ભગવાંનની કથા કીર્તનાદિક રૂપિ વિચારો
કરીને પાછા ભગવાનના સ્વરૂપ રૂપિ માલામાં વિરામ કરો
છો કે બિજે જ્યાં ત્યાં વિરાંમ કરો છો અને વલિ જેમ ધ-
ણિયાતું ઢોર હોય તે સીમમાં ચરીને સાંઝે પોતાને ખિલે
આવે છે ને જે હરાયું ઢોર હોય તે ખિલે આવે નહી ને
જેનું તેનું ખેતર ખાઇને જ્યાં ત્યાં બેસિ રહે પછે કોક ધોકા
મુકે કાં વાઘ આવે તો મારે તેમ તમે તે ધણિયાતા ઢોરનિ
પેઠે પોતાને ખિલે આવો છો કે હરાયા ઢોરનિ પેઠે કોઇનું
ખેતર ખાઇને જ્યાં ત્યાં બેસિને વિરાંમ કરોછો એ સર્વે પ્ર-
શ્નનો ઉત્તર પોતાના અંતરમાં વિચારિને મોટા મોટા હો તે
કરો પછે મુનિ તથા હરિભક્ત સર્વે જુદા જુદા બોલ્યા જે
હે મહારાજ ભગવાનનિ કથા કીર્ત્તનાદિકના વિષઈ પણ થયા
છૈયે ને ભગવાનનિ મુર્ત્તિ રૂપિ જે માલો તથા ખિલો તેને
મુકીને બિજે ઠેકાણે રેતા પણ નથી તે વારતાને સાંભલિને
શ્રીજીમહારાજ ઘણું પ્રશન્ન થયા અને વલિ તેને તે દિવસ
બપોર નમતે શ્રીજીમહારાજ દાદા ખાચરના દરબાર વચ્યે
લિંબડા તલે ઢોલિયા ઉપરચ્ય વિરાજમાન હતા ને પોતાના
મુખારવિંદનિ આગલ્ય મુનિ તથા દેશ દેશના હરિભક્તનિ
સભા ભરાઇને બેઠિ હતિ ને પોતે શ્રી વાસુદેવ નારાયણનામં-
દિર સમુનખ વિરાજમાન હતા ને મુનિ કિર્ત્તન બોલતા હતા

પછે શ્રીજીમહારાજ બોલ્યા જે હવે તો પ્રશ્ન ઉત્તર કરો પછે દીનાનાથ ભટે તથા બ્રહ્માનંદ સ્વામિયે પ્રશ્ન પુછયું જે કોઈ સમે તો ભગવાનના ભકતના હૃદામાં આનંદથિ ભગવાનનું ભજન સ્મરણ થાય છે ને ભગવાનનિ મુર્તિનું ચિંતવન થાય છે અને કોઇ સમે તો અંતર ડોલાઈ જાય છે તેમ ભજન સ્મરણનું સુખ આવતું નથિ તેનું શું કારણ છે તારે શ્રીજીમહારાજ બોલ્યા જે એને ભગવાનનિ મુર્તિ ધાર્યાનિ જુક્તિ આવડતિ નથિ ત્યારે મુકતાનંદ સ્વામિયે પુછયું જે કેવિ રિત્યે જુક્તિ જાંણવિ ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે જુક્તિ તો એમ છે જે અંતઃકર્ણને વિષે ગુણનો પ્રવેશ થાય છે તે જ્યારે સત્વગુણ વરતતો હોય ત્યારે અંતઃકર્ણ નિર્મલ વરતે ને ભગવાનની મૂર્ત્તિનું ભજન સ્મરણ સુખે થાય ને જ્યારે રજોગુણ વરતે તારે અંતઃકર્ણ ડોલાઇ જાય ને ઘાટ સંકલ્પ ઘણા થાય ને ભજન સ્મરણ સુખે થાય નહી અને જ્યારે તમો ગુણ વરતે તારે તો અંતઃકરણ શુન્ય વરતે માટે ભજનના કરનારાને ગુણ ઓલખવાને જે સમે સત્વગુણ વરતતો હોય તે સમે ભગવાનની મૂર્ત્તિનું ધ્યાન કરવું અને તમો ગુણ જ્યારે વરતે તારે કશો ઘાટ થાય નહી ને શુન્ય સરખું વરતે તેમાં પણ ભગવાનનું ધ્યાન કરવું અને જ્યારે રજોગુણ વરતતો હોય તારે ઘાટ સંકલ્પ ઘણા થાય માટે તે સમે ભગવાનનું ધ્યાન કરવું નહી ને તે સમે તો એમ જાણવું જે હું તો સંકલ્પથકિ જુદો છું ને આત્મા છું ને એ સંકલ્પનો જાંણનારો છું ને તે મારે વિષે અંતરજામિ રૂપે પુરૂષોત્તમ ભગવાન સદાકાલ વિરાજે છે અને જ્યારે રજોગુણનો વેગ મટી

જાય તારે ભગવાનની મુર્ત્તિનું ધ્યાન કરવું અને રજોગુણ વરતતો હોય તારે સંકલ્પ ઘણા થાય તે સંકલ્પને જોઇને મુ-ઝાવું નહી કેમ જે અંતઃકર્ણ તો એવું નાનું છોકરૂં તથા વા-નરૂં તથા કુતરૂં તથા બાલકનો રમાડનાર તેવું છે ને એ અંતઃ કર્ણનો એવો સ્વભાવ છે તે વિનાપ્રયોજન ચાલા કર્યા કરે માટે જેને ભગવાનનું ધ્યાન કરવું તેને અંતઃકર્ણના ઘાટને જોઇને કચવાઈ જાવું નહિ ને અંતકર્ણના ઘાટને માંનવા પણ નહિ ને પોતાને ને અંતઃકર્ણને જુદું માનવું અને પોતાના આત્માને જુદો માનિને ભગવાનનું ભજન કરવું ાા ઇતિ વ-ચનામૃતં ાા ાા ૩૨ ાા

સંવત ૧૮૭૬ ના મહા સુદિ ૩ ત્રિજને દિવસ શ્રીજી-મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વા-સુદેવ નારાયણના મંદિરની આગલ્ય લિંબડાના વૃક્ષ હેઠે ઓટા ઉપરય ઢોલિયો ઢલાવિને વિરાજમાન હતા ને ધોલો બેશ પેર્યો હતો ને ધોલિ ચાદર ઓઢિ હતી ને માથે ધોલી પાઘ બાંધી હતી ને પીલા પૂષ્પના તોરા પાઘમાં લટકતા હતા ને કાન ઉપર ધોલા ને પીલા પુષ્પના ગુછ ખોશા હતા ને કંઠમાં પિલા પુષ્પના હાર પેરયા હતા ને પોતાના મુખાર-વિંદની આગલ્ય સર્વે મુનિ તથા દેશ દેશના હરિભક્તની સભા ભરાઇને બેઠી હતી પછે શ્રીજીમહારાજે એક વેદાંતિ બ્રાહ્મણ આવ્યો હતો તેને પ્રશ્ન પુછયો જે તમે એક બ્રહ્મનું પ્રતિપાદન કરો છો ને તે વિના જીવ ઇશ્વર માયાને જગત તથા વેદશાસ્ત્ર પૂરાણ તે સર્વેને મિથ્યા કહો છો એ વાત અમને સમજાતી નથી તથા માન્યામાં આવતી નથી માટે તમને પુછીયે છઇયે તેનો ઉત્તર કરો તે વેદશાસ્ત્ર

પુરાણુ સ્મૃતિ ઇતિહાસ તેની સાખ્યે કરીને કરો પણ કોઈક કલ્પિત ગ્રંથને વચને કરીને કરશો તો અમે તેને નહિ માંનીયે અને જો વ્યાસજીને વચને કરીને કરશો તો અમારા માંન્યામાં આવશે તેમજે અમારે વ્યાસજીના વચનમાં દૃઢ પ્રતિતિ છે પછે તે વેદાંતિયે ઘણીક પ્રકારની યુક્તિયો લાવિને ઉત્તર કરવા માંડયો પણ શ્રીજિમહારાજે તેમાં આ શંકા કરી માટે તે પ્રશ્નનું સમાધાન થયું નહિ પછે શ્રીજિમહારાજ બોલ્યા જે સાંભલો એ પ્રશ્નનો ઉત્તર અમે કરિયે છઇયે જે એ તો પરમેશ્વરને ભજિને થયા જે મુક્ત તેનિ સ્થિતિનો ભેદ છે જેમ મેરૂ પર્વત ઉપરચ ઉભો જે પુરૂષ તે જે તે તે મેરૂ થકી ઓરા જે સર્વ પર્વત તથા સર્વે વૃક્ષ તથા તે પર્વત વૃક્ષનું આધાર જે પૃથ્વીનું તલ તે સર્વેને પૃથક પૃથક પણુ દેખે છે તેમ સવિકલ્પ સમાધિવાલા જે જ્ઞાની મુકત તેણુ તે જીવ ઇશ્વર માયા તથા એમનું આધાર જે બ્રહ્મ એ સર્વેને પૃથક પ્રથક પણે દેખે છે અને વલી જેમ લોકાલોક પર્વત ઉપરચ ઉભો જે પુરૂષ તે જેતે તે લોકાલોક પર્વત ઉપરથિ ઓરા જે પર્વત તથા વૃક્ષ તે સર્વેને એક પૃથ્વી રૂપેજ દેખેજ છે પણ પ્રથક પછે નથી દેખતા તેમ નિર્વિકલ્પ સમાધિ વાલા જે મહામુક્ત તે જેતે જીવ ઇશ્વર ને માયા તેને એક બ્રહ્મ રૂપે કરિનેજ દેખે છે પણ પૃથક પણુ નથી દેખતા એવિ રિત્યે બે પ્રકારનિ સ્થિતિ વાલા મુકત છે તેનિ સ્થિતિને જોગે કરિને એ સર્વેનું સત્યપણું કેવાય છે ને અસત્યપણું કેવાય છે અને સવિકલ્પ સ્થિતિ વાલાનાં વન્દન વેદશાસ્ત્ર પુરાણાદિકમાં આવે છે તે એ સર્વને સત્ય કે

છે ને નિર્વિકલ્પ સ્થિતિવાલાંનાં જે વચન તે એ સર્વેને અસત્ય કહે છે પણ કાંઈ એ સર્વે અસત્ય નથી એતો એને નિર્વિકલ્પ સ્થિતિને બલે કરિને દેખાતા નથી માટે અસત્ય કહે છે અને વલી જેમ સૂર્યના રથમાં જે બેઠા હોય તેને રાત્ય નથી પણ જે પૃથ્વી ઉપર રહ્યા છે તેને રાત્રિ દિવસ છે તેમ નિર્વિકલ્પ સ્થિતિવાલાને મતે એ સર્વે છે નહી પણ બિજાને મતે તો એ સર્વે છે અને આવી રિત્યે બ્રહ્મ નિરૂપણ કરે છે તો શાસ્ત્રના વચનમાં પૂર્વાપર બાધ ન આવે, તે બાધને તો સમઝતો ન હોય તથા એવી રિત્યનિ સ્થિતિને પણ ન પાંમ્યો હોય ને કેવલ શાસ્ત્રમાંથિ શિખિને વચનમાત્રે કરિને એક બ્રહ્મપણાનું પ્રતિપાદન કરતો હોય ને ગુરૂ શિષ્ય જીવ ઈશ્વર માયા જગત તથા વેદ પુરાણ શાસ્ત્ર એ સર્વેને કલ્પિત કહેતો હોય તે તો મહા મૂર્ખ છે ને અંતે નારકી થાય છે એમ કહીને બોલ્યા જે આ અમે વાર્તા કરી તેમાં તમને આ શંકા થાતિ હોય તો બોલો તારે તે વેદાંતિ બ્રાહ્મણ બોલ્યો જે હે મહારાજ હે પ્રભો હે સ્વામિન્ તમે તો પરમેશ્વર છો ને જગતના કલ્યાણને અર્થે પ્રગટ થયા છો તે તમે જે ઉત્તર કર્યો તે યથાર્થ છે એમાં આ શંકાનો માગ નથી એમ કહિને અતિ પ્રસન્ન થયો ને પોતાની જે અણસમઝણ્ય તેનો ત્યાગ કરીને શ્રીજિમહારાજને આશ્રિત થયો ॥ ઇાતવચનામૃતમ્ ॥ પ્ર. પ્રકરણ. ૩૯

સંવત્ ૧૮૭૬ ના મહા વદિ ૨ બિજને દિવસ રાત્રિને સમે સ્વામિ શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરવારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિરનિ આગ-

હ્ય આથમણે બારણે ઓરડાનિ ઓસરિયે ઢોલિયા ઉપરથ વિરાજમાંન હતા અને ધોલો સુરવાલ પેરયો હતો ને ધોલું અંગરખું પેર્યું હતું ને માથે ધોલિ પાઘ બાંધિ હતિ ને પોતાના મુખારવિંદનિ આગલ્ય મુનિ તથા દેશદેશના હરિભક્તનિ સભા ભરાઇને બેઠિ હતિ પછે શ્રીજીમહારાજ બોલ્યા જે કાંઈ પ્રશ્ન પુછો પછે પુર્ણાનંદ સ્વામિયે પ્રશ્ન પુછયું જે દશઇંદ્રિયું છે તેતો રજોગુણીય છે અને ચાર અંતઃકરણ છે તેતો સત્વગુણનાં છે માટે એ સર્વ ઇંદ્રિયુંને અંતઃકરણ તે તો માઈક છે ને ભગવાનતો માયાથી પર છે તેનો માઇક અંતઃકરણે કરીને કેમ નિશ્ચે થાય અને માઇક એવી જે ચક્ષુ આદિક ઇંદ્રિયું તેણે કરીને ભગવાન કેમ જોયામાં આવે પછે શ્રીજીમહારાજ બોલ્યા જે માઇક વસ્તુયે કરીને માઇક પદાર્થ હોય તે જણાય માટે માઇક જે અંતઃકરણને ઇંદ્રિયું તેણે કરીને જો ભગવાન જણાંણા તો એ ભગવાન પણ માઇક ઠર્યા એવી રીત્યે તમારૂં પ્રશ્ન છે પછે પુર્ણાનંદ સ્વામી તથા સર્વે મુનીયે કહ્યું જે એજ પ્રશ્ન છે તેને હે મહારાજ તમે પુષ્ટ કરી આપ્યું પછે શ્રીજીમહારાજ બોલ્યા જે એનો ઉત્તર એમ છે જે પચાશ કોટિ જોજન પૃથ્વીનું પીઠ છે તે પૃથ્વી ઉપરથ ઘટપટાદિક અનેક પદાર્થ છે તે સર્વ પદાર્થમાં એ પૃથ્વી રહી છે ને પોતાને સ્વરૂપે કરીને નોખી પણ રહી છે અને જ્યારે પૃથ્વીની દૃષ્ટિએ કરીને જોઇયે ત્યારે એ સર્વ પદાર્થ રૂપે પૃથ્વી થઈ છે ને પૃથ્વી વિના બીજું કાંઈ પદાર્થ નથી ને તે પૃથ્વી જલના એક અંશમાંથી થઈ છે અને જલતો પૃથ્વીને હેઠ પણ ને પડખે

પણ છે ને ઉપર પણ છે ને પૃથ્વીના મધ્યમાં પણ જલ સર્વત્ર વ્યાપિ રહ્યું છે માટે જલની દ્રષ્ટિયે કરિને જોઇયે તો પૃથ્વી નથી એકલું જલજ છે અને એ જલ પણ તેજના એક અંશમાંથી થયું છે માટે તેજ નિદ્રષ્ટિયે કરીને જોઇયે તો જલ નથી એકલું તેજજ છે અને તે તેજ પણ વાયુના એક અંશમાંથી થયું છે માટે તે વાયુની દ્રષ્ટિયે કરીને જોઇયે તો તેજ નથી એકલો વાયુજ છે ને તે વાયુ પણ આકાશના એક અંશમાંથી થયો છે માટે જો આકાશની દ્રષ્ટિયે કરીને જોઇયે તો વાયુ આદિક જે ચ્યાર ભૂતને તેનું કારણ જે પીંડને બ્રહ્માંડ તે કાંઇ ભાસેજ નહિ એકલો આકાશજ સર્વત્ર ભાસે અને એ આકાશ પણ તામસા હુંકારના એક અંશમાંથી ઉત્પન્ન થયો છે ને તે તામસા હુંકાર રાજસા હુંકાર, સાત્વિકા હુંકારને ભુત ઇંદ્રિયું અંતઃકરણને દેવતા એ સર્વે મહત્વના એક અંશમાંથી ઉત્પન્ન થયા છે માટે મહત્વની દૃષ્ટિયે જોઇએ તો ત્રણ્ય પ્રકારનો અહંકાર તથા ભૂત ઇંદ્રિયો અંતઃકરણ દેવતા એ સર્વે નથી એટલું મહતત્વજ છે અને તે મહતત્વ પણ પ્રધાન પ્રકૃતિના એક અંશમાંથી ઉત્પન્ન થયું છે માટે એ પકૃતિની દૃષ્ટિયે જોઇયે તો મહતત્વ નથી એકલી એ પ્રકૃતિજ છે અને તે પ્રકૃતિ પણ પ્રલયકાલમાં પુરૂષના એક અંશમાં લિન થઇ જાય છે અને પાછી સૃષ્ટિ સમે એક અંશમાંથી ઉત્પન્ન થાય છે માટે પુરૂષની દૃષ્ટિયે કરીને જોઇયે તો પ્રકૃતિ નથી એકલો પુરૂષજ છે અને એવા અનંત કોટિ પુરૂષ છે તે મહામાયાના એક અંશમાંથિ ઉત્પન્ન થાય છે માટે એ મહામાયાનિ દ્રષ્ટિયે જોઇયે તો એ પુરૂષ નથી

એકલી મહામાયાજ છે અને એ મહામાયા પણ મહા પુરૂષના એક અંશમાંથિ ઉત્પન્ન થાય છે માટે એ મહા પુરૂષની દ્રષ્ટિયે જોઇયે તો એ મહામાયા નથી એકલો મહાપુરૂષજ છે અને એ મહાપુરૂષ પણ પુરૂષોત્તમ ભગવાનનું ધામ જે અક્ષર તેના એક દેશમાંથી ઉપજે છે માટે એ અક્ષરની દ્રષ્ટિયે કરીને જોઇયે તો એ મહા પુરૂષાદિક સરવે નથી એક અક્ષરજ છે અને તે અક્ષર થકી પર અક્ષરાતિત એવા જે પુરૂષોત્તમ ભગવાન તે છે ને તે સરવેંની ઉત્પત્તિ સ્થિતિને પ્રલય તેના કર્ત્તા છે ને તે સર્વના કારણ છે અને જે કારણ છે અને જે કારણ હોય તે પોતાના કારજ્યને વિષે વ્યાપક હોય ને તેથી જુદુ પણ રહે માટે એ સર્વના કારણ જે પુરૂષોત્તમ ભગવાન તેની દ્રષ્ટિયે કરિને જોઇયે ત્યારે એ પુરૂષોત્તમ ભગવાન વીના બિજુ કાંઈ ભાસેજ નહિ એવા જે એ ભગવાન તેજ કૃપા કરીને જીવના કલ્યાણને અર્થે પૃથ્વીમાં સર્વે મનુષ્યને પ્રત્યક્ષ દર્શન આપે છે ત્યાર જે જીવ સંતનો સમાગમ કરીને એ પુરૂષોત્તમ ભગવાનનો આવો મહિમા સમજે છે તારે એનાં ઇંદ્રિયો અંતઃકરણ સર્વે પુરૂષોત્તમ રૂપે થૈ જાય છે ત્યારે તેમણે કરીને એ ભગવાનનો નિશ્ચે થાય છે જેમ હિરે કરીનેજ હિરો વેંધાય છે પણ બીજાવતે નથી વેંધાતો તેમ ભગવાનનો નિશ્ચો તે ભગવાન વતેજ થાય છે ને ભગવાનનું દર્શન પણ ભગવાન વતેજ થાય છે પણ માઇક એવાં જે ઇંદ્રિયો અંતઃકરણ તેણે કરીને નથી થાતો એમ વાર્ત્તા કરીને શ્રીજિમહારાજ જય સચ્ચિદાનંદ કહીને પોતાને ઉતારે પધાર્યા ॥ ઇતિ વચનામૃતમ્ ॥ પ્ર. પ્ર. ૫૨ ॥

જીવુંબા રાજુબા તથા પાંચુબા રામુબા તથા નાનુંબાના પરચા.

રાગ પૂર્વછાયો.

સુણો નર વળી શ્રવણે, એક અનુપમ આખ્યાન;
આવે ખુમારી અંતરે, સહુ સાંભળજો સાવધાન. ॥ ૧ ॥
મોટા હરીજન હરીના, જેના તપ પરાયણ તંન;
ત્યાગ વૈરાગ્યની મુરતી, અત નીયમમાં જેના મંન. ॥ ૨ ॥
જે દિના મહારાજ મળીયા, ટળિયા તે દીના વિકાર;
અંતરમાં અણગમતો, થયો સર્વે સંસાર. ॥ ૩ ॥
માત તાત કુળ કુટુંબનો, જેણે કર્યો અતીસે અભાવ;
ભજ્યા શ્રી ભગવાનને, તજી અન્ય ઉછાવ. ॥ ૪ ॥

રાગ ચોપાઈ.

ધન્ય જીવુંબાઈ હરીજન, રૂડા રાજ બાઈ છે પાવન;
મળ્યા જે દીના જીવન પ્રાણ, સ્વામી સહજાનંદ સુખખાણ. ૫
તે દીના તન સુખને તજી, ભાવે લીધા ભગવાન ભજી;
હરી ભજતામાં જે જે હવું, તેની વાત વિગતે વર્ણવું. ૬
જીવુંબાઈ હરીજન હવા, માંડી હરી મુરતી પૂજવા;
તેના તાત કહે સુણો બાઈ, આસું લીધું બાળા પણ માંઇ. ૭
જ્યારે મોટા થાઓ બાઇ તમે, કરજો પૂજા રાજી છઇયે અમે;
ત્યારે જીવુંબાઇ કહે તાત, એવી અમને ન કેવી વાત. ૮
નહિ આ તનનો વિસવાસ, અચાનકમાં થઇ જાસે નાસ;

વૃદ્ધપણાને વાયદે રેવું, અમને નથી મનાતું એવું. ૯
માટે એ વાતતો નવ્ય કેવી, આ મુરતી નથી મૂકયા જેવી;
ત્યારે તાતે તે કર્યો વિચાર, એવો સ્યો હસે ચમત્કાર. ૧૦
જ્યારે દેખું અલૌકીક કાંઇ, ત્યારે મનાય અંતર માંઇ;
એમ કરતાં કંઇ વિત્યા દિન, પરચો પામવા ઇચ્છાછે મંન. ૧૧
પડી સાંજને કરી આરતી, જીવુબાઇ ભાવે સ્યું અતી;
પછે દુધ કટોરા ભરીને, આપ્યા હેતેસ્યું પીવા હરીને. ૧૨
પછે બાળ મુકુંદ મહારાજે, પીધું દુધ જન હેત કાજે;
જોઇ સૌજન આશ્ચર્ય પામ્યા, શીશ જીવુંબાઈ પાય નામ્યા. ૧૩
તાતને ન ગમતું લગાર, તે પણ નમ્યા છે વારંવાર;
ધન્ય બાઇ તમારી ભક્તિ, ઘેલાઇમાં મે ન જાણી ગતી. ૧૪
તમે નહિ મનુષ્ય મે જાણ્યું, છો દેવતા આજ પ્રમાણ્યું;
તમે લીધો આંહિ અવતાર, મારા પુન્ય તણો નહિં પાર. ૧૫
એમ જીવું બાને જગદીસ, આપે હરી પરચા હમેશ;
જે લીલા કરે અવિનાસ, હોય દુર તો દેખાય પાસ. ૧૬
હોય હરી સોય કોસ માથે, પણ દેખાય સદાય સાથે;
જે ક્રિયા કરે હરી કાંઈ, તેતો જાણે સર્વે જીવુંબાઇ. ૧૭
નિરાવર્ણ દ્રષ્ટી નીરધાર, બીજા પરચાનો નહિં પાર;
જાણે બીજાનાં અંતરની આપ, તેતો મહારાજનો પ્રતાપ. ૧૮

રાજુબાનો પરચો.

હવે રાજ બાઇની જે રીત, કહું પવિત્ર અતી પૂનીત;
મળ્યા જેદીના શ્રી મહારાજ. તજી તેદિ થકી લોક લાજ.૧૯
તેને મહારાજે ઓળખ્યું કાવી, ભક્તિ તમારી મુજને ભાવી

પણ માનવું એક વચન, પરણી ભજવા શ્રી ભગવંન. ૨૦
માનો આજ્ઞા અમારી આ વાર, નહિંતો થાસો સતસંગ બાર;
એવું આવ્યું બાઇને વચન, તેણે પીડાવા પામ્યા તન મન.૨૧
પછે માત તાત કુળ મળી, કર્યો વિવા તે બાઇનો વળી;
પરણાવી સાસરે વળાવ્યા, બાઇ સાસરાને ગામ આવ્યા. ૨૨
દીઠું પુરૂસે બાઈનું રૂપ, સીહ સાદ્રસ્ય ભાસ્યું સ્વરૂપ;
જોઇ પુરૂષ પાછોજ ભાગ્યો, અતિ ડર મન માંઇ લાગ્યો. ૨૩
આતો નહિં મનુષ્ય નિરધાર, કોઇ કારણીક અવતાર;
માટે વેલ્ય એની પાછી વાળો, જો મારૂં ભલું થવાનું ભાળો.૨૪
પછે બાઇ આવીયાં પીયેર, કર્યું સંસારી સુખ શું વેર;
જીણા વસ્ત્ર આભુસણ અંગ, તેનો તરત તજયો પરસંગ. ૨૫
ગળ્યું ચીકણું સરસ અન્ન, તજ્યું તેનું કરવું ભોજન;
ખાટ પાટ પર્યંક પલંગે, તજી સુવે ભુમી પર અંગે. ૨૬
અતિ ત્યાગે કરી તન ગાળ્યું, લોહી માંસ સરીરનું બાળ્યું
અતિશય તન મન દમ્યું, તેતો કુટુંબને નવ્ય ગમ્યું. ૨૭
પછે તજયા તેને તેહવાર, અન્ન જળનો ના રાખો વેવાર;
એણી રીતે ભજ્યા ભગવાન, પાળી અતી મોટાં વૃતમાન.૨૮
તે પ્રતાપ શ્રી મહારાજ તણો, શું કહીએ મહીમા સુખે ઘણો;
એમ કરે નીજ જનની સાય, માટે મોટા હરી મહીમાય. ૨૯

પાંચુબા, રાજુબા તથા નાનુંબાનો પરચો.

વળી એક દિવસને માય, કરી હરીયે જનની સાય;
તેની વાત કહું લીયો જાણિ, પ્રભુ પધારીયા કારિયાણી. ૩૦

તે સાંભળી ચાલ્યા દરસને, અતિ બાળક કોમળ તને;
ભેળો નહિં બીજો કોઇ ભાઇ, ચાલ્યા બાળ બુદ્ધે ત્રણ બાઇ. ૩૧
મેલ્યુ ગામ સીમ લાગી પ્યાસ, પાણી પળી નહિં પોતા પાસ;
લાગ્યા પગમાં કાંટા કઠણ, ખુંચે કાંકરા આકરી કણ. ૩૨
અતિ કષ્ટમાં પીડાણાં પ્રાણ, નહિં દેહ રયાનાં એધાંણ;
એવા સમામાં આવ્યા મહારાજ, જન કષ્ટ નીવારવા કાજ. ૩૩
ભેળું લાવ્યા જળ ઠામ ભરી, પાઇ પાણી પ્યાસ ત્રાસ હરી.
કાઢયા કાંટાતે પોતે પગના, થયા ભોમીયા મોરે મારગના. ૩૪
આપ્યા મોદકને પાયું પાણી, ધીરે ધીરે આવ્યા કારીયાણી;
કહ્યું જાવો બાઈ ગામ માંઈ, સ્વામી સહજાનંદજી છે આંહિં.૩૫
પાંચ છો છો વરસનાં તમે, તેહ સારૂં ભેળા ચાલ્યા અમે;
હવે સુખે જાઓ ગામમાંય, મનમાં બીક રાખસ્યો માં કાંય.૩૬
પછી બાળકીયું ત્રણે મળી. લાગ્યા મહારાજને પાય લળી;
પછે તેહને પુછેછે નાથ, તમે આંહિં આવ્યા કેની સાથ. ૩૭
કહ્યું વિપ્ર ભેળો એક હતો, આવ્યો બહુ ચાકરી કરતો;
આપ્યા મોદકને પાયા પાણી, કાઢયા કાંટા તે પગનાં તાણી.૩૮
સુખે પોંચાડયા અમને આંહિ, નહિંતો ભુલા પડી જાત કયાંઇ
ત્યારે મહારાજ કેહતા અમે, કેમ ઓળખતા નથી તમે. ૩૯
આલ્યા એંધાણ મારગ તણાં, તમે પ્યાસે દુખી હતા ઘણાં;
પાયું પાણી મેં મોદક દીધા, તમે ત્રણે મળી વળી લીધા. ૪૦
એમ કરીને હરયા મહારાજ, કર્યું નીજ સેવકનું કાજ;
એમ કરી હરીએ સહાય, સર્વ વીસ્મે પામ્યા મન માંય. ૪૧
જેને લાવ્યા કારિયાણી ગામ, તેનું પાંચું નાનું રામું નામ;
એમ આપ્યા જનને આનંદ, સુખદાઇ સ્વામી સહજાનંદ. ૪૨

ઇતીશ્રીમદ એ-ાંતિક ધર્મ પ્રર્વતક શ્રી સહજાનંદ સ્વામી શીષ્ય નીષ્કુળા મુની વીરચીતે ભક્તચીંતાણી મધ્યે શ્રીજી મહારાજે જીવું બાઇ તથા રાજુ બાઇ તથા પાંચુ રામુ નાનું બાઇનાં સર્વનાં પરચા પુર્યા એનામે એકસોને બત્રીસમું પ્રકરણંમ પુરૂ.

॥ અથ શ્રી સ્વામીની વાતુ લીખ્યતે ॥

શિક્ષાપત્રીમાં કહ્યું છે જે ॥ નિજાત્માનં બ્રહ્મરૂપં ॥ એમ માનવું એ આજ્ઞાછે તે એ વચનમાં મહારાજે સહુને એકાંતિક કરી મુક્યા ॥ અને દૂર્લભમાં દુર્લભ સત્સંગ ને દુર્લભમાં દુર્લભ એકાતિકપણું ને દૂર્લભમાં દૂર્લભ ભગવાન એ ત્રણ વાત આપણને મળી રહિ છે. ને સુકાઇ જાઓ અન્ન મુકી દીયોને વનમાં જાઓને ઘર મુકીદ્યો તોયે તે કરતાં પણ આ વાતુ સાંભળવીતેઅધિકછે ને આવાતુ પુરૂષોતમના વચનછેને ગુણાતિત વાતુ છે ને આ વાતુમાંથી તો અક્ષરધામ દેખાયછે તે ભગવાન અક્ષરધામ ને મુક્તને લઇને એવાને એવાજ આંહિ આવ્યા છે એમાં ફેર ન સમજવો ને મહિમા સમજાતો નથી તેથી જીવ દુબળો રહે છે ॥ અને એક દિવસે રાજ દેવાય, પણ વિદ્યા ન દેવાય ને રાજાનો કુંવર હોય તેને ગમે એટલું ખવરાવે તો પણ એક દિવસે મોટો ન થાય એતો ધીરે ધીરે મોટો થાય તેમ જ્ઞાન પણ સંગ કરીને ધીરે ધીરે થાય છે ॥ અને મોટાને જીવ આપી દિધો હોય તેને પણ વાસના રહે

તેને ટાળવાનું સાધન તો મહિમા ને આત્મનિષ્ટા છે ॥ અને વાસના ટળે તોપણ દેહનો ભાવ રહી જાય તે ઋષભ દેવ ભગવાનનો દેહ પડવાનો થયો ત્યારે મુખમાં પાણાનો કોળીયો મુકયો તે સાથી જે ખાવાનો અભ્યાસ માટે એ વાત પણ સમજાવી ॥ અને કદાપી રાજી થઇને માથે હાથ મુકીયે તોપણ જ્ઞાન કેમ થાય? એતો વાતે કરીને થાય, ને રાજી થાય તો બુદ્ધિ આપે તેથી વાત સમજાય ॥ અને આ વાતુ તો જાદુ છે તે સાંભળે તે ગાંડો થાય તે શું તો જે જગત ખોટું થઈ જાય પછે તેને કોણ ડાહ્યો કહે ॥ અને ઈંદ્રિયું અંતઃકરણ તો મુંબઈ ને સુરતનાં તળનાં માણસ જેવાં છે તેને સત્સંગ થાય નહિ તે માંહિલો કજીયો તો બહુ ભારે છે તે આડો આવે તે જાણે એતો મધરાશિના રંગની પેઠ માયાના પાસ લાગે છે તેથી વાત અડતી નથી ॥ અને સાધને કરીને કદાપિ નિરવાસનીક થવાશે તો પણ શું પાકયું ને તેણે કરીને શું ફળ છે એતો ઝાડવા જેવો છે ને ભગવાનની નિષ્ઠા છે ને વાસના છે તોપણ તેની શી ફરજ છે ને તેનો શો ભાર છે ઇત્યાદિક બહુ બળની વાત કરી ॥ અને ભગવાનનો આશરો થયો છે એવી તો કોઇ વાત નથી તેને તો સરવે વાત થઈ રહી છે કાંઇ કરવું બાકી રહ્યું નથી ને ભગવાન તો અધમ ઉધ્ધારણ છે પતિત પાવન છે શરણાગત વત્સળ છે ને ॥ જાકો જગમાં કોઇ નહિ તાકું તુંમ હો મહારાજ ॥ જે જેનું કોઇ નહિ તેના ભગવાન છે ને ભગવાન તો ગરિબના નિવાજ કહાવે છે ને ॥ પ્રગટને ભજી ભજી પાર પામ્યા ઘણા ગીધ ગુનકા કપિવૃંદ કોટિ વ્રજતણિ નારય વ્ય-

ભીચારય ભાવે તરી પ્રગટ ઉપાસના શૌથી મોટી ।। માટે પ્રગટના જેવી તો કોઇ વાત નથી ને પ્રગટ સુર્ય વતે અજવાળું થાય છે માટે પ્રગટનો આશરો થયો છે તે બળ રાખવું ।। અને તપાસીને જોયું તે આપણે તો વિષયનો સંબંધ હોય ત્યારે પ્રભુ ભજાય પણ તે વિના ભજાય નહિ ને ખાવાનું રહેવાનું આદિક સાંનુંકુળ હોય તો ભજાય ।। અને આ જીવ તે વિષયમાંથી નોખો પડતો નથી ને આ ભજન કરાવીયે છઇયે તેમાંથી જરાક પળ બે પળ નોખો પડે તેમાંથી નિર્ગુણ ભાવને પામી જાય ને જીવને વચનામૃતમાં લંબકરણ જેવો કહ્યો છે એવો હોય ને આ વતમાન પાળે એતો જીવ સારો હશે ને બ્રહ્માંડમાં કોઇ પુરૂષ નથી જે સ્ત્રી ન જોઇયે ને એવી કોઈ સ્ત્રી નથી જે પુરૂષ ન જોઇયે ને તેમાંથી નોખું પડવાનો તો મહારાજે એક શ્લોક લખ્યો છે જે ।। નિજાત્માનં બ્રહ્મરૂપ ।। જેમ ગુજરાતની પૃથ્વીમાં પાતાળ સુધી ખોદીયે તોપણ પાણો ન મળે એજ ઉપાય છે ।। અને મોક્ષ તો ભગવાન ને મુમુક્ષુ ખોળતા ને આજ તો ભગવાન મુમુક્ષુને ખોળે છે ।। અને ભગવાન ભજીયે છઇયે તેમાંથી બહુજ મોટોલાભથાશેતે એક બ્રહ્માંડજેટલો નકહેવાયનેસોબ્રહ્માંડ જેટલો પણ નકહેવાય ।। અને અમારી ભેળા રહેછેને બીજેમાલ માનેછે તેને ઓળખાયનહિં ને આદર્શન થાયછે એતોબહુ જન્મને પુન્યે થાયછે નિકર દર્શન થાય નહિ ને આતો જેમ છે એમ જણાય તો આ ઘડિયે ગાંડા થાઓ ને ગાડું નથી થવાતું એતો ભગવાનની ઇચ્છા છે ને આ દર્શનતો બહુ દુર્લભ છે પણ વરસાદ વરસે ત્યારે તેનું મહાત્મ્ય ન જણાય પણ ન

વરસે ત્યારે ખબર પડે ને વરસાદ ન વરસે તેનું તો દેહને દુઃખ થાય ને આ જોગ ન થાય તેનું તો જીવમાં દુઃખ થાય ને આ જોગ નહિ થાય તેને તો પછે રોવું પડશે ।। અને દેહને લઈને દેશને લઈને કાળને લઈને જીવ ગ્લાની પામી જાય છે તે ગ્લાની પાંમવી નહિ ને એનો તો એવો સ્વભાવ છે ને કર્યું ભગવાનનું થાય છે તે તેને ગમે તેમ કરે ને સ્થુળનું દુઃખ આવે ને સુક્ષ્મનું દુઃખ આવે કારણનું દુઃખ આવે તેને માનવું નહિ ને મહારાજે પણ મળતું રાખીને પ્રભુ ભજાવ્યા છે ।। અને આ કારખાનું તો એક વરસનું કરીયે તો બે વરસનું ઉભું થાય ને બે વરસનું કરીયે તો ચાર વરસનું ઉભું થાય છે ને સૌ મંડીયે તો જુનાગઢથી વરતાલ સુધી સડક બાંધી દઇયે તે છાંયડે ચાલ્યા જાય તે તડકોજ ન લાગે પણ વાતુ કરવાનું ને સમઝવાનું છે તે રહી જાય ને ભગવાન વિના તો આત્મજ્ઞાન વૈરાગ્ય ને ધર્મ એ સરવે અભદ્ર છે કોઇ કલ્યાણ કરતા નથી ।। અને ત્રીશ લક્ષણે સાધુ રૂપ ભગવાન જાણવા ને ઓગણચાળીશ લક્ષણે જુકત રાજા રૂપ ભગવાન જાણવા બાકી ઐશ્વર્યપણે કરીને ભગવાનપણું નથી આ વાત પણ અવશ્ય સમઝવાની છે ।। અને અંતરમાં ટાઢું રહ્યા કરે ને ધગી ન જાય તેના બે ઉપાય છે એક તો ભગવાનનું ભજન કરવું ને બીજું ભગવાનને સર્વ કરતા સમઝવાને તેમાં સુખ આવે તો સુખ ભોગવી લેવું ને દુઃખ આવે દુઃખ ભોગવી લેવું તે કહ્યું છે જે ।। દાસના દુશ્મન હરિ કદિ હોય નહિ જેમ કરશે તેમ સુખ થાશે ।। ઇતિ ।।

।। સમાપ્ત ।।

શ્રી સ્વામીનારાયણ નમઃ

શ્રીજી પ્રતાપ નામની ચોપડી છપાવામાં અગાઉથી ગ્રાહક થનારનાં નામ.

સરસપુર.

૨૫ ભા. મનસુખભાઇ ભુદરભાઈ
૨૫ ,, છનાભાઈ લાલદાસ
૫ ,, લલ્લુ વહાલદાસ
૫ ,, છનાભાઇ કીશોરદાસ
૫ ,, નરસીભાઇ મુળચંદ
૫ ,, ફકીરચંદ ચકુભાઈ
૫ ,, લલ્લુભાઇ નારણભાઇ
૫ ,, મુળચંદભાઈ લલ્લુભાઇ
૫ ,, લાલજી ખીમજીભાઈ રામજી
૫ પા. કોઠારી ઈશ્વરભાઇ કરસનભાઇ
૫ ,, લલ્લુભાઈ મીઠાભાઇ
૫ ,, લલ્લુભાઇ ગટોરદાસ
૫ ,, ધુરાભાઈ મંગલદાસ
૫ રા. રા. દવે મગનલાલભાઇ ગીરજાશંકરભાઇ
૫ ,, ,, દવે બાલમુકંદભાઈ ગીરજાશંકર
૨ ભા. મણીભાઇ મુળચંદ
૨ બા. મગનલાલ દામોદર
૨ પગી. નાથાજી ગોકુળજી
૧ રા. રા. દવે જેકીસનભાઇ જુગલભાઈ
૧ ભા. મણીભાઈ નાગરદાસ
૧ ,, સોમાભાઇ અમીચંદની વિધવા બાઇ દિવાળી
૧ ,, મોહનલાલ નારણભાઇ
૧ ,, મગનલાલ અમીચંદ
૧ ,, મુળચંદ વેણીદાસજી
૧ ,, લેરાભાઇ મનજી
૧ ,, નાથાભાઈ મોતી
૧ ,, મોતીભાઇ ભુરાભાઈ
૧ ,, મંગળદાસ લલ્લુભાઇ
૧ ,, છનાભાઈ છગનભાઇ
૧ ,, જીવરામ મગનલાલ
૧ પા. સુરચંદ સાંકળચંદ
૧ ,, બેચરભાઇ મોતીભાઇ
૧ પા. જગજીવન મુળજીભાઈ
૧ નાથાભાઈ મોતીભાઇ

૨ ,, છનાભાઈ જેઠાભાઇ
૨ ,, રવચંદ પ્રેમચંદ
૨ ,, બેચરભાઇ મણીભાઈ
૨ સુ. સોમનાથ પ્રભુદાસ
૨ સોની મગનભાઇ મોહનલાલ પેથાપુરવાળા
૨ પા. સીવરામ આત્મારામ
૨ ,, સાંકળચંદ મોતીભાઈ
૨ ,, રવજીભાઇ દેવજીભાઇ
૨ ભા. સાંકળચંદ ચમનલાલ
૨ સોની મોહનલાલ જીવરામ લાડોલવાળા
૨ લુ. હરીભાઇ મગનભાઇ
૧ પા. નાનાલાલ ત્રીકમલાલ
૧ ,, નારણભાઇ મફતલાલ બુકબાઇન્ડર
૧ ,, ચતુરભાઈ નાથાભાઇ
૧ સુ. ગોરધનભાઇ અંબાલાલ
૧ ડા. ભુપતાજી ઉમેદજી
૧ રા. છગનભાઈ પુરૂષોતમ
૧ દરજી મોહનલાલ ભગવાન
૧ બાલા સુંદરદાસ
૧ ભા. ચીમનલાલ મુલચંદ રામદાસ
૧ ગીરધરદાસ કુબેરભાઇ

અમદાવાદ.

૬ પરીખ રા. રા. મુળચંદભાઈ કેવળદાસ
૫ ભા. વીઠલદાસ પ્રેમચંદ
૧ પા. લવજીભાઈ કુબેરદાસ
૧ ભા. ત્રીભોવન પુરૂષોતમ
૧ પા. કરસનભાઇ કુંવરજી
૧ ભા. તારાચંદ પુરૂષોતમદાસ
૧ ,, સકરચંદ પુરૂષોતમદાસ
૧ ,, ભગવાનદાસ પુરૂષોતમ
૧ ,, શંકરભાઇ નાગરદાસ
૧ ,, ભાઇચંદ ધારશીભાઇ
૧ ભા. હરગોવિંદદાસ માધવજી
૧ ,, કરસન દલીચંદ
૧ ,, કાશીરામ ગુલાબચંદ
૧ ,, મણીલાલ જમનાદાસ
૧ ,, સોમાભાઈ મોતીભાઇ
૧ ,, મનસુખભાઇ પ્રેમચંદ
૧ પા. લલ્લુભાઇ ગોકળદાસ
૧ ,, કચરાભાઈ નથુભાઈ
૧ ,, મોહનલાલ હાથીભાઇ
૧ શા. નાનાલાલ હિમતલાલ
૧ ચો. રતનલાલ અમૃતલાલ

૧ લવાર છોટાલાલ ઉગરચંદ
૧ હરજી નાગરદાસ ઉગરચંદ
૧ જોશી અમૃતલાલ લક્ષ્મી-
રામ પેથાપુરવાલા
૧ સરવરીયા.મણીલાલ ગીરધર
૧ પા. રેવાભાઈ ખોડીદાસ
૧ ,, સોમાભાઈ ગોપાળદાસ
૧ ,, ગોકળભાઇ જાદવજી

મુંબાઇ.

૫ બા. લલ્લુભાઈ ઉમેદરાવ
૫ ,, હરગોવિંદદાસ તુલસી-
દાસ જરમનવાલા
૫ ,, હાથીભાઇ તુલસીદાસ
૫ ,, ચુનીલાલ તુલસીદાસ
૫ ,, સામળદાસ લીલાચંદ

વસાઇ.

૨ બા. ત્રીભોવનદાસ ઉમેદરામ
૨ ,, મોતીલાલ હાથીભાઇ
૨ ,, સાંકળચંદ હરગોવીંદદાસ
૨ ,, હીરાલાલ હરગોવીંદદાસ
૨ ,, અંબાલાલ મોહનલાલ
૧ ,, ત્રીભોવન રણછોડદાસ
૧ ,, હરજીવનભાઈ લીલાચંદ

વાસણા.

૫ બા. દલસુખભાઈ પાનાચંદ
૨ ,, છગનલાલ પાનાચંદ
ભુલાભાઇ
૧ ,, મુળચંદભાઇ છગનલાલ
૧ ,, નારણભાઇ છગનલાલ
૧ ,, શામળદાસ નારણભાઇ
૧ ,, ગોપાળદાસ નથુભાઇ
૧ ,, શકરાભાઇ પરભુદાસ
૧ ,, ઇશ્વરદાસ કાલીદાસ
૧ ,, ચુનીલાલ વાલદાસ
૧ ,, મંગળદાસ ડુંગરદાસ
૧ ,, શકરાભાઇ લખમીચંદ
૧ ,, શીવલાલ કરમચંદ
૧ ઠકર જશરાજ કાનજીભાઈ
૧ બા. કરમચંદ વેણીચંદ
૧ ,, રણછોડભાઈ મુલચંદ

કાસંદ્રા.

૫ પા. છગનલાલ પુંજાભાઈ
૫ પા. ઇશ્વરભાઇ દેશાઇભાઇ

ગઢાળી.

૫ ભા. ગોરધનભાઈ ઘેલાભાઈ
૫ ,, મોહનલાલ જેચંદભાઈ
૨ ,, માવજીભાઇ ઘેલાભાઈ
૨ ,, લલ્લુભાઈ જેચંદભાઇ
૨ ,, પ્રભુભાઈ ઠાકરશીભાઇ

બરવાળા.

૫ ભા. શોભણુભાઇ કાળીદાસ
૨ ,, કકલભાઇ નારણુભાઇ હરજીભાઈ
૧ મો. ડાહ્યાભાઇ કાળીદાસ

સંદેલા.

૧ ઠ. મગનલાલ માધવજી
૧ ,, જસરાજભાઈ છગનલાલ
૧ ,, હીરજીભાઈ બેચરભાઈ
૧ ,, માવજીભાઈ કાનજીભાઈ
૧ ,, મોતીલાલ વીરજીભાઇ
૧ પંચોળી કાશીરામ ભકતેશ્વર

ઢઠાલ.

૧ ઠકર છગનભાઈ જાદવજીભાઇ
૧ ,, ચુનીલાલ દામોદરદાસ
૧ ,, ફુલચંદભાઇ દેવજીભાઇ
૧ ,, જીવણલાલ મોતીભાઇ
૧ ,, નરસીભાઇ પરશોતમદાસ

સાદરા.

૧ સોની છોટાલાલ
૧ વણુસારી મોહનલાલ ગીરધરભાઈ
૧ ,, મોહનલાલ મુળજીભાઇ
૧ દરજી મણીલાલ ત્રીકમલાલ

રોહીસાળા.

૨ શા. ઉજમસી રણછોડ
૨ ભા. લવજીભાઇ ગોપારજી

ભુવાલડી

૧ ભા. હરગોવનદાસ નરસીભાઈ

ગામ આતરસુંબા.

૧ શા. અંબાલાલ છગનલાલ
૧ ,, નારણભાઇ અંબાલાલ
૧ ,, નથુભાઇ તીકમભાઇ
૧ ,, જેઠાભાઇ ગોરધનદાસ
૧ ,, મોહનલાલ પેમચંદ

ગામ તોરી.

૧ રા. રા. તરવાડી હરીભાઈ રવજીભાઇ
૧ ,, તરવાડી ભીમજીભાઈ કુંવરરામ

ગામ ધરવાળા.

૪ રા. રા. માસ્તર દયાળભાઇ ભાણજીભાઇ પટેલ

ગામ નારદીપુર.

૧ ભા. બુલાખીદાસ દામોદરદાસ
૧ ભા. હરગોવનદાસ પોચાભાઇ લલ્લુભાઇ

ગામ જલસણ.

૨ પા. નારણભાઈ મથુરભાઇ
૧ બા. શંકરભાઇ છનાભાઇ

ગામ મોગરી.

૨ પા. સોમાભાઈ કાશીભાઈ

ગામ સરઠવ.

૨ ભા. રામજીભાઇ છગનલાલ

ગામ ગઢડા.

૨ ભા. કાનજીભાઇ હીરાભાઇ
૧ ભા. હરજીવનભાઇ પરસોતમ

ગામ લાખણકા.

૨ ભા. રણછોડભાઇ ગોબરભાઇ

ગામ માણસા.

૨ રા.રા. તુલસીદાસ બળદેવજી

માંડવા.

૧ ભા. તુલસીદાસ નાગજીભાઇ
૧ કળથીયા સુખલાલજુગાભાઇ

ચાવંડ.

૧ ભા. દેવચંદભાઇ જેચંદભાઇ

ભાવનગર.

૧ ભા. ત્રીભોવનદાસ મોરારજી
૧ કોળી રાઘવભાઇ કાનજીભાઇ
૧ કોળી મનજીભાઈ કાનજીભાઈ

વીરમગામ.

૩ પરીખ ગુલાબચંદ કાલીદાસ

ચરાડા.
૧ ભા. રણછોડભાઈ પરભુદાસ
૧ બા. ગીરધરભાઇ હરીભાઈ

વાગડ,
૧ ચુડાસીંગા બાજીભાઈ ગોવીંદજી

પીંગરાજ.
૧ ઠા. ચુનીલાલ લલ્લુભાઇ કુચ્છકુંભારીયા.
૧ મી. વીરજીભાઇ મનજીભાઇ

લંગાળા.
૧ ગોહેલ માધવસીંગજી ગગલભાઈ

લુણાવાડા.
૧ જાની લાલશંકર મોતીલાલ
૧ દવે હરીલાલ નારણદાસ

બાકરૂલા.
૧ પંડ્યા શોભારામ કાળીદાસ

હળીયાદ.
૧ રા. રા. છગનલાલ લવજીભાઇ ઠકર હામતીયા વહીવટી કારકુન.
૧ ,, ,, લાલજીભાઇ વેલજીભાઇ
૧ શેઠ દુલ્લભભાઇ લક્ષ્મીચંદ

નીવાસ નવાગામ
૧ પા. દયાળભાઇ કસનદાસ
૧ રા. રા. શ્યામલાલ વીશ્વનાથ

દામનગર.
૧ પા. ગોગાભાઇ ગોવીંદભાઈ

ગામ ગોમતીપુર.
૨ સુ. હરગોવનદાસ કીસોરભાઈ

ગામ વીજાપુર
૧ સુતાર મુળચંદ લજારામ
૧ સુ. આતમારામ મલુકચંદ

ગામ પીલવાઈ.
૧ સુતાર રેવાભાઇ મલુકચંદ
૧ દરજી રામચંદ્ર કીસોરભાઈ
૧ શેઠ અમીચંદ ત્રીભોવનદાસ

પીપરીઉ
૧ ઠકર છગનલાલ કેશવજી

લખતર
૧ જોશીજગજીવનહરગોવિંદજાદવજી

જાહેર ખબર.

સર્વે સત્સંગી ભાઇઓને ખબર આપવામાં આવે છે
આ ચોપડીના પૈસા ચોપડીનું ખર્ચ કાઢતાં બાકીના
સંત સેવામાં વાપરવામાં આવશે.

ચોપડી ૧ કિં. ૦–૪–૦ ચોપડી ૨૫ ની કિં. રૂા.
૧૦૦ ચોપડીની કિ. રૂ. ૨૩)

૧૦૦ ચોપડી સામટી ખરીદ કરનાર ગૃહસ્થ ભાઇને
તેમના નામથી હેન્ડબીલ દુકાનની વીગત સાથે સીર-
છપાવી આપવામાં આવશે.

વી. પી. ખર્ચ તથા પોષ્ટેજ જુદું છે.

મળવાનું ઠે.– ભાવસાર મનસુખભાઇ ભુદરદાસ.

ઠે:–સ્વામીનારાયણના મંદીર પાસે દુ. નં. ૧૪૯

પોષ્ટ કાળુપુર. મુકામ **સરસપુર.**

અમારે ત્યાં ગડગુમડ તથા આંખો તથા ગમે તેવો
હાઝેલ તથા તાવ તથા ઉધરસ તથા ગમે તેવું વાગેલું મ-
ટાડવાની દવા અમારે ત્યાં મળે છે.

દેશી દવા કરનાર વૈદ્ય સકરચંદ પુરસોતમદાસ

ઠે. તાજપુર રૂપાલવારની પોળમાં **મુ. અમદાવાદ.**

માર્વેલસ ટૉનીક પિલ્સ, કીં. રૂ. ૧ા બાબુનાથ હેર ઓઇલ, કીં. રૂ.
૧) તથા દરેક જાતનાં ફોનોગ્રાફ વાજાં તથા રેકર્ડો તથા વીજળીના દીવા
કીં. રૂ. ૧ા થી તે રૂ. ૭) સુધીના તથા હારમોનિયમ વાજાં (પગની પેટી
તથા હાથની પેટી) વીગેરે અમારે ત્યાંથી મળશે. દુ. નં. ૪૩૬–૩૭

શ્રી સત્યનારાયણ ટ્રેડીંગ કંપની. રીચીરોડ—અમદાવાદ.